રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 252 | Dt. 23-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

ઉમરાહ માટે ગયા'તા : વિદેશ મંત્રાલય હરકતમાં, બચાવ કામગીરી તેજ

સાઉદી અરેબિયામાં ૪,૦૦૦ ભારતીયો ફસાયા

નવી દિલ્હી, તા.૨૨

સાઉદી અરેબિયામાં પવિત્ર ઉમરાહ કરવા ગયેલા ભારતીયો માટે એક અણધારી આફત સર્જાઈ છે. અહેવાલો અનુસાર, લગભગ ૪,૦૦૦ જેટલા ભારતીય યાત્રાળુઓ સાઉદી અરેબિયાના વિવિધ શહેરોમાં ફસાયા છે. આ ગંભીર બાબતની નોંધ લેતા ભારતનું વિદેશ મંત્રાલય (MEA) તાત્કાલિક હરકતમાં આવ્યું છે અને તેમને સુરક્ષિત રીતે સ્વદેશ પરત લાવવા માટે કામગીરી શરૂ કરી દીધી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ મામલે સત્તાવાર અપડેટ આપતા જણાવ્યું હતું કે, પ્રભાવિત મુસાફરોને વહેલી તકે ભારત પરત લાવવા માટે રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસ અને જેદ્દાહમાં આવેલું ભારતીય કોન્સ્યુલેટ સંબંધિત એરલાઈન્સ કંપનીઓ તેમજ ટૂર ઓપરેટરો સાથે સતત સંપર્કમાં છે. યાત્રાળુઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સ્થાનિક પ્રશાસન સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે.



આ રાહત કામગીરી અંગે માહિતી આપતા પ્રવક્તાએ જણાવ્યું હતું કે, મોટાભાગના ફસાયેલા ભારતીયો મક્કા અને મદીનામાં છે. વિદેશ મંત્રાલયના સઘન પ્રયાસોના ફળસ્વરૂપે, છેલ્લા એક સપ્તાહ દરમિયાન સાઉદી અરેબિયામાં ફસાયેલા લગભગ ૩,૦૦૦ ઉમરાહ યાત્રાળુઓને ઉપલબ્ધ ફ્લાઇટ્સ મારફતે સુરક્ષિત રીતે ભારત પરત લાવી દેવામાં આવ્યા છે. જયસ્વાલે ખાતરી આપી હતી કે, બાકી રહેલા યાત્રાળુઓને પણ વહેલી તકે પરત લાવવાની વ્યવસ્થા કરવા માટે ઉચ્ચ સ્તરીય ચર્ચાઓ ચાલી રહી છે.

બીજી તરફ, ઑલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) ના પ્રમુખ અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ પણ આ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, છેલ્લા બે-ત્રણ અઠવાડિયાથી હજારો ભારતીય ઉમરાહ યાત્રાળુઓ મદીના, જેદ્દાહ અને મક્કામાં અટવાયા છે અને તેઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ઓવૈસીના જણાવ્યા અનુસાર, યાત્રાળુઓના ટ્રાવેલ એજન્ટોએ તેમને તેમના નસીબ પર છોડી દીધા છે, જેના કારણે પરદેશમાં તેમની સ્થિતિ વધુ કફોડી બની છે.

આ સાથે જ, એવું પણ જાણવા મળ્યું છે કે જે એરલાઈન્સ મારફતે આ યાત્રાળુઓ ત્યાં પહોંચ્યા હતા, તે એરલાઈન્સને મધ્ય પૂર્વમાં પ્રવર્તમાન હુમલાની સ્થિતિને ધ્યાનમાં રાખીને ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા હાલ પૂરતી ઉડાન ભરવાની મંજૂરી આપવામાં આવી નથી. આ સંજોગોમાં ઓવૈસીએ ભારત સરકારને તાત્કાલિક દખલ કરી, વૈકલ્પિક વ્યવસ્થા (સ્પેશિયલ ફ્લાઈટ્સ) ગોઠવીને તમામ યાત્રાળુઓને સહીસલામત સ્વદેશ લાવવા અપીલ કરી છે. વિદેશ મંત્રાલયની સતર્કતાને જોતા બાકીના યાત્રાળુઓ પણ ટૂંક સમયમાં પોતાના ઘરે પરત ફરે તેવી શક્યતા છે.

પોલેન્ડ સાથે સંરક્ષણ-વેપારમાં સહયોગ વધારવા PMની મંત્રણા

ભારત-પોલેન્ડની વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બનાવવાનો મુખ્ય ઉદ્દેશ

નવી દિલ્હી તા. ૨૨

ભારત અને પોલેન્ડ વચ્ચેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્ક વચ્ચે આજે તા. ૨૨ ના નવી દિલ્હીમાં મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. હૈદરાબાદ હાઉસ ખાતે બંને નેતાઓએ સંરક્ષણ, આધુનિક ટેક્નોલોજી, અવકાશ સંશોધન, વેપાર અને રોકાણ સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બેઠકનો મુખ્ય ઉદ્દેશ ભારત-પોલેન્ડની વ્યૂહાત્મક ભાગીદારીવધુ મજબૂત બનાવવાનો મનાય છે.



બેઠક દરમિયાન સંરક્ષણ ઉદ્યોગ અને સંયુક્ત ઉત્પાદનની શક્યતાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. પોલેન્ડ ભારત સાથે સંરક્ષણ સાધનોના ઉત્પાદન, ટેક્નોલોજી ટ્રાન્સફર અને સંયુક્ત વિકાસ માટે સહયોગ વધારવા ઈચ્છે છે.પોલેન્ડના સંરક્ષણ ઉદ્યોગ માટે ભારતીય બજારમાં નવી તકો ઊભી થઈ શકે છે. બંને દેશો વચ્ચે વધતો સહયોગ ભારતના સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રને પણ પ્રોત્સાહન આપી શકે છે. જોકે, સંભવિત સહયોગ અને અંતિમ કરાર વચ્ચે તફાવત છે. ભારત અને પોલેન્ડે આધુનિક ટેક્નોલોજી, અવકાશ સંશોધન અને નવીનતા આધારિત ઉદ્યોગોમાં સહયોગ વધારવાની સંભાવનાઓ અંગે ચર્ચા કરી.

બંને દેશો વચ્ચે સંશોધન, ટેક્નોલોજી અને ઔદ્યોગિક વિકાસમાં ભાગીદારી વધવાથી નવી રોકાણ તકો સર્જાઈ શકે છે. આ ઉપરાંત સ્વચ્છ ઊર્જા અને નવીનીકરણીય ઊર્જા પણ ચર્ચાના મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સામેલ રહ્યાં.ડોનાલ્ડ ટસ્ક ૨૧થી ૨૩ ઓક્ટોબર સુધી ભારતની સત્તાવાર મુલાકાતે છે. તેમની સાથે પોલેન્ડના નાણાં અને અર્થતંત્ર મંત્રી આન્દ્રેજ ડોમાન્સ્કી સહિત વ્યાપારિક પ્રતિનિધિમંડળ પણ ભારત આવ્યું છે. ભારત અને પોલેન્ડ વચ્ચે વેપાર તથા રોકાણ વધારવા માટે નવી તકો શોધવામાં આવી રહી છે. નવી દિલ્હી અને બેંગલુરુમાં ભારત-પોલેન્ડ બિઝનેસ ફોરમનું આયોજન પણ આ મુલાકાતનો મહત્વપૂર્ણ ભાગ છે. વડાપ્રધાન મોદી ઓગસ્ટ ૨૦૨૪માં પોલેન્ડની મુલાકાતે ગયા હતા. આ દરમિયાન બંને દેશોના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

હાલની બેઠકમાં બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરવાની સાથે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. યુરોપિયન યુનિયન (European Union) સાથે ભારતના સંબંધોને મજબૂત બનાવવા માટે પણ પોલેન્ડ મહત્વપૂર્ણ ભાગીદાર બની શકે છે.બેઠક પહેલાં વિદેશમંત્રી એસ. જયશંકરએ ડોનાલ્ડ ટસ્ક સાથે મુલાકાત કરી હતી. બંનેએ વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે વિચારોની આપલે કરી.ડોનાલ્ડ ટસ્કે નવી દિલ્હીના રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી. તેમની આ મુલાકાત ભારત અને પોલેન્ડ વચ્ચે રાજકીય, આર્થિક તથા વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

દિલ્હીમાં યમુના નદીની સફાઈ માટે ૪૩ વિકાસ યોજનાઓના લોકાર્પણ અને શિલાન્યાસ સમયે રાહુલ ગાંધી પર કેન્દ્રીય ગૃહમંત્રીના આકરા પ્રહાર

ત્રીસ વર્ષ સુધી કંઈ નહીં મળે : અમિત શાહ

નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ એ દિલ્હીમાં યમુના નદીની સફાઈ માટે ૮,૯૪૧ કરોડની ૪૩ વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યું. આ દરમિયાન તેમણે મે ૨૦૨૯ સુધીમાં યમુના નદીને સ્વચ્છ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સાથે જ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ના વોટ ચોરીના આરોપો અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની કામગીરી પર આકરા પ્રહાર કર્યા હતા.કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહએ દિલ્હીમાં યમુના નદીની સફાઈ માટે ₹૮,૯૪૧ કરોડની ૪૩ વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યું. આ દરમિયાન તેમણે મે ૨૦૨૯ સુધીમાં યમુના નદીને સ્વચ્છ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સાથે જ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ના વોટ ચોરીના આરોપો અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની કામગીરી પર આકરા પ્રહાર કર્યા હતા.



દિલ્હીના દ્વારકામાં આયોજિત કાર્યક્રમમાં અમિતભાઈ શાહે જણાવ્યું કે કેન્દ્ર સરકાર યમુના નદીના પ્રદૂષણને દૂર કરવા પ્રતિબદ્ધ છે. આ યોજનાઓમાં ગટર વ્યવસ્થાપન ગંદા પાણીના શુદ્ધિકરણ અને પાણી પુરવઠાની સુવિધાઓનો સમાવેશ થાય છે. અમિતભાઈ શાહે દાવો કર્યો કે યમુનાની સફાઈ માટે નિર્ધારિત લક્ષ્ય તરફ ૪૦ ટકાથી વધુ પ્રગતિ થઈ ચૂકી છે. દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશ વચ્ચે સંકલન કરીને કામગીરી આગળ વધારવામાં આવી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધતાં કહ્યું કે ચૂંટણીમાં હાર બાદ ચૂંટણી પંચ અને મતદાર યાદી સામે સવાલો ઉઠાવવા યોગ્ય નથી. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ વોટ ચોરીના મુદ્દે રાજકારણ કરી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે દાવો કર્યો કે આગામી ૩૦ વર્ષ સુધી કોંગ્રેસને સત્તા મળવાની નથી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીની અગાઉની સરકાર પર યમુના સફાઈમાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો. તેમણે દિલ્હીના કચરાના પહાડોનો મુદ્દો પણ ઉઠાવ્યો અને ભાજપ સરકાર સમસ્યાઓના ઉકેલ માટે કામગીરી કરી રહી હોવાનો દાવો કર્યો.

પંજાબમાં NDA સરકાર બનવાનો દાવો

પંજાબની રાજનીતિ અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે આગામી સમયમાં રાજ્યમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)ની સરકાર બનશે. તેમણે પંજાબમાં નશાના કારોબાર સામે કડક કાર્યવાહી કરવાની વાત પણ કરી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના આ નિવેદનોથી દિલ્હી અને પંજાબના રાજકારણમાં નવી ચર્ચા શરૂ થઈ છે.

પ્રદૂષણમાં દિલ્હીની સાઈડ કાપતું મુંબઈ

હાઈકોર્ટે જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહેવા બદલ અધિકારીઓને ખખડાવ્યા

નવી દિલ્હી, તા.૨૨

બોમ્બે હાઈકોર્ટે મુંબઈના વધતા વાયુ પ્રદૂષણ પર સખત નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે જણાવ્યું કે મુંબઈ હવે પ્રદૂષણમાં દિલ્હીથી પણ આગળ નીકળી રહ્યું છે. BMC, MPCB અને મુંબઈ પોલીસની ઢીલી કામગીરી પર ફટકાર લગાવતા, કોર્ટે અધિકારીઓને જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહેવા બદલ કડક પગલાંની ચેતવણી આપી છે. પોલીસ સ્ટેશન સામે જ ફટાકડા ફોડવા અને બાંધકામ સાઇટ્સ પરથી ઉડતી ધૂળ પર પણ કોર્ટે ચિંતા વ્યક્ત કરી.



મુંબઈમાં હવાનું પ્રદૂષણ સતત વધી રહ્યું છે અને તે હવે અત્યંત ગંભીર ચિંતાનો વિષય બન્યું છે. શહેરની કથળતી વાયુ ગુણવત્તા પર બોમ્બે હાઈકોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. હાઈકોર્ટે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું કે પ્રદૂષણની બાબતમાં હવે મુંબઈ દિલ્હીથી પણ આગળ નીકળી રહ્યું છે. લાખો નાગરિકો ઝેરી હવાના કારણે મુશ્કેલી ભોગવી રહ્યા છે ત્યારે પ્રદૂષણ અટકાવવાની જવાબદારી ધરાવતા અધિકારીઓ શાંતિથી કેવી રીતે ઊંઘી શકે તેવો વેધક સવાલ પણ અદાલતે કર્યો હતો.

અદાલતે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC), મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (MPCB) અને મુંબઈ પોલીસને આકરી ફટકાર લગાવી હતી. હાઈકોર્ટે નોંધ્યું કે તહેવારો દરમિયાન ધ્વનિ પ્રદૂષણ અને જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર લાદવામાં આવેલા પ્રતિબંધના આદેશોનું જમીની સ્તરે પાલન થઈ રહ્યું નથી. પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ વિરુદ્ધ કડક પગલાં લેવાની ચેતવણી પણ અદાલતે આપી છે. ધ્વનિ પ્રદૂષણ અને રસ્તાઓ પર ફટાકડા ફોડવા અંગે દાખલ થયેલી સુઓમોટો જાહેર હિતની અરજી પર જસ્ટિસ ગિરીશ એસ. કુલકર્ણી અને જસ્ટિસ નીલા ગોખલેની ખંડપીઠ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. દક્ષિણ મુંબઈના ક્રોફર્ડ માર્કેટ નજીક એક પોલીસ સ્ટેશનની બરાબર સામે જ વ્યસ્ત રસ્તા પર ફટાકડા ફોડવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ કરતાં અદાલતે તેને અદાલતી આદેશોનું ખુલ્લું ઉલ્લંઘન ગણાવ્યું હતું. શોભાયાત્રાઓમાં વપરાતા સાઉન્ડ સિસ્ટમના લાયસન્સ તપાસવા અને રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ સુનિશ્ચિત કરવા પોલીસને તાકીદ કરવામાં આવી છે.

બોમ્બે હાઈકોર્ટે જણાવ્યું કે પ્રદૂષણ અટકાવવામાં તંત્રની નિષ્ક્રિયતા બંધારણની કલમ ૧૪ અને ૨૧ હેઠળ નાગરિકોને મળેલા મૂળભૂત અધિકારોનું હનન છે. મુંબઈ પોલીસ કમિશનરને તમામ પોલીસ સ્ટેશનોના વડાઓ સાથે તાત્કાલિક બેઠક યોજીને નિયમોનું કડક પાલન કરાવવાનો નિર્દેશ અપાયો છે. આ ઉપરાંત BMC કમિશનર અને MPCB કમિશનરને ૨૬ ઓક્ટોબરના રોજ આગામી સુનાવણીમાં રૂબરૂ હાજર રહીને પ્રદૂષણ નિયંત્રણ માટે લીધેલા પગલાંનો અહેવાલ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

ડ્રાઈવિંગ લાયસન્સમાં સુધારાની કેન્દ્ર સરકારની તૈયારી

નવા નિયમોનો ડ્રાફ્ટ જાહેર : ૩૦ દિવસમાં નિર્ણય ન લેવાય તો તેને 'ડીમ્ડ અપ્રૂવલ' એટલે કે આપમેળે મંજૂરી મળશે



નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્ર સરકાર દ્વારા ડ્રાઇવિંગ લાઇસન્સના નિયમોને વધુ સરળ અને પ્રજાલક્ષી બનાવવા માટે નવા નિયમોનો ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ ડ્રાફ્ટ મુજબ સરનામું કે મોબાઇલ નંબર અપડેટ કરવા માટેની ફી નાબૂદ કરવાની દરખાસ્ત છે. ઉપરાંત, જો સરનામું બદલવાની અરજી પર ૩૦ દિવસમાં નિર્ણય ન લેવાય તો તેને 'ડીમ્ડ અપ્રૂવલ' એટલે કે આપમેળે મંજૂરી મળશે.

દેશભરના કરોડો વાહનચાલકો અને લાયસન્સધારકો માટે કેન્દ્ર સરકારના પરિવહન મંત્રાલય દ્વારા એક અત્યંત રાહતજનક પગલું ભરવામાં આવ્યું છે. ડ્રાઇવિંગ લાઇસન્સ કઢાવવા, રિન્યુ કરાવવા તેમજ તેમાં વિવિધ ફેરફારો કરવાની પ્રક્રિયાને પેપરલેસ અને અત્યંત સરળ બનાવવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સમાં મોટા સુધારા સૂચવતો ડ્રાફ્ટ જાહેર કર્યો છે. આ નવા નિયમો લાગુ થવાથી આરટીઓ (છઝઘ) કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે અને પ્રક્રિયા વધુ પારદર્શક બનશે.

નવા ડ્રાફ્ટમાં પ્રસ્તાવિત જોગવાઈ અનુસાર, ડ્રાઇવિંગ લાઇસન્સમાં રહેઠાણનું સરનામું કે મોબાઇલ નંબર અપડેટ કરવા માટે વસૂલવામાં આવતી પ્રોસેસિંગ ફી સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી શકે છે. આધાર સાથે લિંક થયેલી ફેસલેસ અને ઓનલાઇન સેવાઓને પણ ફી મુક્ત કરવાની યોજના છે. આ નિર્ણયથી સામાન્ય નાગરિકો પરનો આર્થિક બોજ હળવો થશે અને લોકો સમયસર પોતાની વિગતો પોર્ટલ પર અપડેટ કરતા રહેશે તેવી ખાતરી અપાઈ છે.

નિયમોમાં સુધારાની સૌથી ક્રાંતિકારી બાબત 'ટાઇમ-બાઉન્ડ અપ્રૂવલ' છે. જો કોઈ અરજદાર સરનામું બદલવા માટે ઓનલાઇન અરજી કરે છે અને સંબંધિત આરટીઓ ઓથોરિટી દ્વારા ૩૦ દિવસની અંદર તેના પર કોઈ નિર્ણય લેવામાં નહીં આવે, તો પોર્ટલ દ્વારા સિસ્ટમ જનરેટેડ આપમેળે મંજૂરી મળી જશે. આ ઉપરાંત નામ કે જન્મતારીખ જેવી અન્ય વિગતો સુધારવાની અરજીઓ પર તંત્રે ૧૫ દિવસની અંદર આખરી નિર્ણય જાહેર કરવાનો રહેશે. વાહનની કોઈ કેટેગરી રદ કરવા કે દૂર કરવાની અરજી પર માત્ર ૭ દિવસમાં આપમેળે પ્રક્રિયા પૂર્ણ થઈ જશે તેવું જાહેર કરાયું છે.

ડ્રાઇવિંગ લાઇસન્સના રિન્યુઅલ અને લાઇસન્સમાં નવી વાહન કેટેગરી ઉમેરવા માટે હવે એક સંકલિત નવું 'ફોર્મ ૨અ' અમલમાં લાવવાની તૈયારી છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર સારથી પોર્ટલને વધુ અપગ્રેડ કરી રહી છે, જેથી અરજદાર જ્યારે લોગિન કરે ત્યારે તેની મૂળભૂત માહિતી આધાર અને જૂના રેકોર્ડ્સના આધારે 'ઓટોફીલ' થઈ જાય, જેનાથી ફોર્મ ભરવામાં થતી માનવીય ભૂલો અટકશે તેવું મનાય છે.


ડ્રાફ્ટ અનુસાર સરનામાના માન્ય પુરાવા તરીકે હવે વીજળી બિલ અને પાઇપ્ડ ગેસ કનેક્શનના બિલને પણ સત્તાવાર માન્યતા આપવામાં આવશે. સામાજિક જવાબદારી અને માર્ગ સલામતીના ભાગરૂપે લાયસન્સ ફોર્મમાં ઇમરજન્સી સંપર્ક નંબર અને અકસ્માત સમયે અંગદાન કરવાની સ્વેચ્છિક સંમતિ માટે પણ વિશેષ કોલમ ઉમેરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. જાહેર જનતા અને હિતધારકો પાસેથી સૂચનો મેળવ્યા બાદ કેન્દ્ર સરકાર આ નિયમોનું સત્તાવાર જાહેરનામું ટૂંક સમયમાં બહાર પાડશે તેવું જાહેર કરાયું છે.

કોંગ્રેસના પ્રભારી રણદીપ સુરજેવાલાનો રાજકોટ પ્રવાસ

સૌરાષ્ટ્રમાં દુષ્કાળની ગંભીર પરિસ્થિતિ છતાં સરકાર મૌન : સૂરજેવાલા

આજી અને ભાદર ડેમમાં માત્ર ૫૦ ટકા પાણી, ખેડૂતો નર્મદાના નીર પર નિર્ભર થવા મજબૂર મગફળીના કટિંગ અને ટેકાના ભાવમાં ખેડૂતો સાથે મોટો અન્યાય કર્યાનો કોંગ્રેસનો આરોપ





રાજકોટ, તા. ૨૨

સૌરાષ્ટ્ર વિસ્તારમાં ચાલુ વર્ષે ઓછો વરસાદ થવાના કારણે સર્જાયેલી વિષમ અને ચિંતાજનક પરિસ્થિતિ અંગે કોંગ્રેસના ગુજરાત પ્રભારી રણદીપ સૂરજેવાલાએ રાજકોટ ખાતે એક અગત્યની પત્રકાર પરિષદને સંબોધી હતી. તેમણે રાજ્ય અને કેન્દ્ર સરકારની ખેડૂત વિરોધી નીતિઓની આકરી ટીકા કરતા જણાવ્યું હતું કે, સમગ્ર સૌરાષ્ટ્ર આજે પાણીના વિકટ સંકટ અને આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ રહ્યું છે, છતાં પણ સંવેદનહીન સરકાર દુષ્કાળ જાહેર કરવા તૈયાર નથી.

રણદીપ સૂરજેવાલાએ પરિસ્થિતિની ગંભીરતા રજૂ કરતા સ્પષ્ટ કર્યું હતું કે, ખાસ કરીને જામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ અને કચ્છ જિલ્લામાં આ વર્ષે નહિવત અને ઓછો વરસાદ નોંધાયો છે. વરસાદની ખેંચના કારણે સમગ્ર ક્ષેત્રમાં જળાશયોના તળિયા દેખાવા લાગ્યા છે. સૌરાષ્ટ્રની પ્રજા અને ખેડૂતો માટે જીવાદોરી સમાન ગણાતા આજી ડેમ અને ભાદર ડેમમાં હવે માત્ર ૫૦ ટકા જેટલો જ પાણીનો જથ્થો બચ્યો છે. સ્થાનિક જળસ્ત્રોતો સુકાઈ જવાના આરે હોવાથી સમગ્ર સૌરાષ્ટ્રના લોકોને પીવાના અને સિંચાઈના પાણી માટે કેવળ નર્મદા નીર પર આધારિત રહેવાની નોબત આવી છે. આટલી વિકટ પરિસ્થિતિ હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં દુષ્કાળ જાહેર કરવામાં આવી રહ્યો નથી, જે અત્યંત દુઃખદ છે.

સૌરાષ્ટ્રના મુખ્ય રોકડિયા પાક મગફળી અને કપાસની સ્થિતિ અંગે વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે, પૂરતા પાણીના અભાવે ખેડૂતોએ વાવેતર કરેલો મગફળી અને કપાસનો પાક નિષ્ફળ જઈ રહ્યો છે. ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે, જેથી સરકારે કોઈપણ વિલંબ વગર તત્કાલિક ધોરણે નુકસાનીનું વળતર જાહેર કરવું જોઈએ. આ ઉપરાંત ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈનો અને વીજપોલ (ઇંશલવ ઝયક્ષતશજ્ઞક્ષ જ્ઞહયત)ના કારણે ખેડૂતોની કિંમતી જમીન અને પાકને થતા નુકસાન સામે પણ યોગ્ય અને વાજબી વળતર ચૂકવવાની માંગણી તેમણે દોહરાવી હતી.

કેન્દ્ર સરકારની નીતિઓ પર પ્રહાર કરતા સૂરજેવાલાએ જણાવ્યું કે, દિલ્હીની સરકાર ખેડૂતોને પાકના યોગ્ય ટેકાના ભાવ (MSP) આપવામાં સાવ નિષ્ફળ પૂરવાર થઈ છે. CACP (Commission for Agricultural Costs and Prices)ના રિપોર્ટનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું કે, વર્તમાન મોંઘવારી અને ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં રાખીને મગફળીનો ભાવ પ્રતિ ક્વિન્ટલ ઓછામાં ઓછો ₹૯,૦૦૦ હોવો જોઈએ. તેની સામે સરકારે માત્ર ₹૭,૫૦૦નો ટેકાનો ભાવ જાહેર કરીને ખેડૂતોના મોંમાંથી કોળિયો છીનવી લીધો છે.

સૌથી ગંભીર આરોપ લગાવતા કોંગ્રેસ પ્રભારીએ જણાવ્યું હતું કે, ટેકાના ભાવે ખરીદી માટેના સરકારી પોર્ટલ રજિસ્ટ્રેશનમાંથી આશરે ૮૦,૦૦૦ જેટલા ખેડૂતોને બહાર ફેંકી દેવામાં આવ્યા છે. ઓનલાઈન સિસ્ટમના નામે ખેડૂતોને બાદ કરી દેવા એ એક કૌભાંડ સમાન છે, જેથી કરીને સરકારે ઓછી ખરીદી કરવી પડે અને ખેડૂતોને વેપારીઓ પાસે નીચા ભાવે પાક વેચવા મજબૂર થવું પડે.

અંતમાં તેમણે માંગ કરી હતી કે સરકાર તાત્કાલિક ધોરણે સૌરાષ્ટ્રમાં દુષ્કાળની જાહેરાત કરે, મગફળી અને કપાસના પાક માટે નુકસાનીનું વિશેષ પેકેજ જાહેર કરે, મગફળીના ભાવ ₹૯,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ આપે અને પોર્ટલમાંથી બાકાત કરાયેલા ૮૦,૦૦૦ ખેડૂતોને ફરીથી સિસ્ટમમાં ઉમેરીને ન્યાય આપે. જો આ માંગણીઓ ઝડપથી પૂરી કરવામાં નહીં આવે તો કોંગ્રેસ પક્ષ ખેડૂતોના હિત માટે સમગ્ર ગુજરાતમાં આક્રમક આંદોલન કરશે.આ પ્રેસ કોન્ફરન્સમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, AICCના સેક્રેટરી અને સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી દેવેન્દ્ર યાદવ, પૂર્વ નેતા પરેશ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણા, ધારાસભ્ય વિમલ ચુડાસમા, પૂર્વ સાંસદ વિક્રમ મેડમ, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રાનીલ રાજ્યગુરુ (રીઝાદા સાહેબ), રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જોડેજા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હિતેશ વોરા સહિતના વરિષ્ઠ હોદ્દેદારો અને મોટી સંખ્યામાં મીડિયાના મિત્રો હાજર રહ્યા હતા.

સરકાર અને 'ગુજરાત મોડેલ' પર પ્રહારો કરતા અમિત ચાવડા

પત્રકાર પરિષદમાં અમિત ચાવડાએ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, દેશભરમાં 'ગુજરાત મોડેલ'ના નામે ગુલાબી ચિત્ર રજૂ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા તદ્દન અલગ છે. વર્તમાન સમયમાં રાજ્યમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોવા છતાં સરકાર 'કુંભકર્ણની નિદ્રા'માં સુતેલી છે. લોકોને પીવાના પાણીની ભારે મુશ્કેલી પડી રહી છે, સાંજના સમયે વીજળી ગુલ થઈ જતાં નાગરિકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ કથળી રહી છે.

કોડીનારના પૂર્વ ધારાસભ્ય જે.ડી સોલંકી કોંગ્રેસમાં જોડાયા

ગુજરાત રાજકારણમાં પક્ષપલટાની મોસમ વચ્ચે કોડિનારના પૂર્વ ધારાસભ્ય જે.ડી. સોલંકીએ ભારતીય જનતા પાર્ટી સાથેનો નાતો તોડીને કોંગ્રેસ પક્ષનો હાથ પકડ્યો છે. કોંગ્રેસમાં સત્તાવાર પ્રવેશ મેળવ્યા બાદ તેમણે ભાજપ સરકાર અને સ્થાનીક નેતૃત્વ સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસમાં પ્રવેશ કર્યા બાદ જે.ડી. સોલંકીએ આક્રમક નિવેદન આપતા જણાવ્યું હતું કે, કોડિનાર વિસ્તારમાં અસામાજિક તત્વોનો ત્રાસ ખૂબ જ વધી ગયો છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, આ સમગ્ર વિસ્તારમાં દિનુ સોલંકીના ત્રાસથી પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. પૂર્વ ધારાસભ્યએ વધુમાં ધડાકો કરતા કહ્યું હતું કે, વિસ્તારમાં મંત્રી હોવા છતાં વહીવટ કે તમામ પ્રકારનું સંચાલન એક જ વ્યક્તિના હાથમાં છે અને તે જ બધું ચલાવે છે. પ્રજાના હિતોને નજરઅંદાજ કરીને ચાલતી આ સમાંતર વ્યવસ્થાના કારણે જ તેમણે ભાજપ છોડવાનો મુશ્કેલ નિર્ણય લીધો છે.

નવરાત્રીમાં પણ સખણા નહિ રહેલા બૂટલેગરો દશેરા પછી વધુ જોમ સાથે મેદાને

વિદેશી દારૂના ધંધાર્થીઓ પર ધોંસઃ પાંચ દરોડા-છ પકડાયા

એલસીબી ઝોન-૧, ઝોન-૨, ક્રાઇમ બ્રાંચ, પ્ર.નગર, આજીડેમ પોલીસના અલગ અલગ સ્થળે દરોડાઃ લાખોનો દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો

રાજકોટ, તા. ૨૨

શહેર પોલીસે દારૂના ધંધાર્થીઓ પર ધોંસ બોલાવી દીધી હતી. કુલ ચાર દરોડામાં અલગ અલગ કારમાંથી દારૂ મળ્યો હતો અને બૂટલેગરો પણ પકડાઇ ગયા હતાં. આજી ડેમ ચોકડી નજીક માડાડુંગર પાસે ભીમરાવનગરમાં નાગબાઇ ચોક પાસે એલ.સી.બી. ઝોન-૧ની ટીમે મળેલી બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. જયાં ક્રેટા કારમાં વાઇપરમાં છુપાવેલી ચાવી લઇને પોલીસે કારની તલાશી લેતા રૂા. ૧.૩૪ લાખની વ્હીસ્કીનો જથ્થો મળી આવતા કબ્જે કરી કાર માલીકની શોધખોળ શરૂ કરી હતી.

વિગતો જોઇએ તો એલસીબી ઝોન-૧ ના હેડ કોન્સ. એન.એ. ગઢવી, કોન્સ. નીખીલભાઇ પીરોજીયા, હિતેશભાઇ પરમાર સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે, રાજકોટના ભૂપત દાદુભાઇ ભાંભલાએ માડાડુંગર, ભીરાવનગરમાં નાગબાઇ ચોક પાસે તેની ક્રેટા કાર પાર્ક કરેલી છે. જેમાં વિદેશી દારૂનો જથ્થો છે. તેમજ તેની ચાવી આગળ વાઇપરમાં છુપાવેલી છે. જેને લઇ ટીમે દરોડો પાડી વાઇપરમાં છુપાવેલી સેન્સર ચાવીની મદદથી અનલોક કરી કારની તલાસી લેતા તેમાંથી રૂા. ૧.૩૪ લાખની કિમતની વિદેશી દારૂની વ્હીસ્કી ની ૬૭૨ બોટલ મળી આવતા કુલ રૂા. ૯.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર માલીક ભૂપત ભાંભલાની શોધખોળ શરૂ કરી છે.

બીજા દરોડામાં પીસીબીની ટીમે ગોંડલ રોડ પર સત્ય વિજય આઇસ્ક્રીમ પાસે ભકિતનગર એકસીસ બેંક શાખાની સામેથી હિરેન ઉર્ફે રાજ વિનોદભાઇ રાજપરા(ઉ.વ.૨૩) રઘુનંદન સોસાયટી, આજી ડેમ ચોકડી)ને પકડી તેની પાસે રહેલી અર્ટીગા કારની તલાશી લેતા તેમાંથી રૂા. ૨.૫૩ લાખની કીંમતી વ્હીસ્કીની ૮૧ બોટલ મળી આવતા કુલ રૂા. ૬.૫૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પુછતાછમાં સજય જુંજરીયા (રહે. ખોડલધામ સોસાયટી, માંડા ડુંગર પાસે)નું નામ ખુલતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે. આ કામગીરી પોલીસ ઇન્સ્પેકટર એમ.આર. ગોંડલીયા, પોલીસ સબ ઇન્સ્પેકટર પી.બી.ત્રાજીયા, આર.કે.જાડેજા, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા, પો.હેડ કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયકુમાર રૂપાપરા, પો.કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, હરપાલસિંહ જાડેજા, ડ્રા. પો.હેક કોન્સ. જયેશભાઇ ગઢવીએ કરી હતી.

ત્રીજા દરોડામાં એલસીબી ઝોન-૨ ની ટીમનાં હેડ કો. શકિતસિંહ વિરેન્દ્રસિંહ ગોહીલ, સત્યજીતસિંહ જોડેજા સહિતનાં સ્ટાફે ગોંડલ રોડ પર જીમી ટાવરની સામે ઓવરબ્રીજ ઉપરથી જીતેશ મનસુખભાઇ સોલંકી (ઉ.૩૪ રહે. ઓમ મોટર્સ ગેરેજ), ભગતસિંહ ગાર્ડન પાસે, યુનિ. રોડ) ને પકડી રૂા. ૪૩ હજારની



વ્હીસ્કીની ૧૮૦ બોટલ અને જેટા કાર સહિત રૂા. ૩.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર અશોક (રહે. રાજસ્થાન)ની શોધખોળ શરૂ કરી છે.આ કામગીરી કરનાર અધિકારી-કર્મચારીઓ એ. એસ. આઇ. જે. વી. ગોહિલ, હરપાલસિંહ જોડેજા, રાજેશભાઇ મિયાત્રા, પો. હેડ કો. શકિતસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘિયા, સત્યજીતસિંહ જોડેજા, સહદેવસિંહ જોડેજા પો. કો. કુલદીપસિંહ રાણા, શિવભદ્રસિંહ ગોહીલ, મૈસુરભાઇ કુંભારવાડીયાએ કરી હતી.

ચોથા દરોડામાં ક્રાઇમ બ્રાંચના પીએસઆઇ વી.ડી. ડોડીયા, એએસઆઇ અમિતભાઇ અગ્રાવત, હેડ કોન્સ. રાહુલભાઇ ગોહેલ, ધારાભાઇ વાનરીયા સહિતના સ્ટાફે ડો. યાજ્ઞિક રોડ પર જાગનાથા પ્લોટ શેરી નં. ૪૦માં દરોડો પાડી કાર ચાલક વેપારી ધાર્મિક બાલકદાસ દેસાણી (ઉ.વ.૨૫ રહે. આટકોટ રોડ, બસ સ્ટેન્ડ પાછળ, જસદણ)ને પકડી લઇ તેની રૂા.૧૦ લાખની કિંમતની ફેરેન્સ કારની તલાશી લેતા તેમાં રહેલા બોકસ અને વિમલ પાન મસાલાના થેલામાં પડેલા હોવાથી તેને ખોલી જોતા રૂા. ૨.૯૩ લાખના કિંમતની વ્હીસ્કીની ૧૨૦ બોટલ મળી દારૂ, કાર અને ફોન સહિત કુલ રૂા. ૧૩.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

આરોપી અગાઉ જસદણ અને અમરેલીના ધારી પોલીસ મથકમાં મારામારી અને પ્રોહીબીશનના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે. આ કામગીરી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર એ.એસ.ચાવડા તથા એમ.એલ.ડામોર તથા સી.એચ.જાદવ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર વી.ડી.ડોડીયા થા એએસઆઇ અમીતભાઇ અગ્રાવત, દિગ્પાલસિંહ જોડેજા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઇ જળુ, પ્રદીપસિંહ જોડેજા જયરાજભાઇ કોટીલા, ધારાભાઇ વાનરીયા, રાહુલભાઇ ગોહેલ, ગોપાલભાઇ બોળીયા, વિજુભા જાડેજા તથા પોલીસ કોન્સ. રાજેશભાઇ પટેલે કરી હતી.

તેમજ પાંચમાં દરોડામાં આજી ડેમ પોલીસનાં હેડ કો. પી.એ. ચીરોડીયા, કો. મનીષભાઇ શિરોડીયા સહિતે આજી ડેમ ચોકડી પાસે સુદરમ સોસાયટી પાસેથી રવિ જીતેન્દ્રભાઇ નિમાવત (ઉ.વ.૨૪ રહે. ગજેરા પાર્ક, માનવસરોવર પાર્ક)ને વ્હીસ્કીની ૪ બોટલ સાથે પકડી લીધો હતો. જયારે કો. કુલદીપસિંહ જોડેજા, સહિતના સ્ટાફે ગઢકા ગામે રહેતાં સાગર જગદીશભાઇ રાઠોડ (ઉ.૨૬) ને ઘર નજીકથી દારૂની બે બોટલ સાથે પકડી લીધો હતો. આમ દારૂના ધંધાર્થીઓ પર ધોંસ બોલીગઇ હતી.

૧૧ મહિનામાં ૧૫૧.૬૪ લાખ ટન ખાદ્યતેલની આયાત

ખાદ્યતેલની આયાતમાં ભારતની વધી નિર્ભરતા

ગુજરાતમાં તેલીબિયાંનું વાવેતર ઘટીને ૩૦.૨૮ લાખ હેક્ટર થયું; મગફળીના વાવેતરમાં પણ ઘટાડો નોંધાયો



રાજકોટ, તા. ૨૧

ઓક્ટોબર વૈશ્વિક બજારમાં બદલાતા વેપારી પ્રવાહો, બાયોફ્યુઅલ નીતિઓ અને ખાદ્યતેલની વધતી માંગ વચ્ચે ભારતના ખાદ્યતેલ ઉદ્યોગ સામે અનેક પડકારો ઊભા થયા છે. દેશની ખાદ્યતેલની જરૂરિયાતો પૂરી કરવા માટે આયાત પરની નિર્ભરતા ઘટાડવી અને સ્થાનિક સ્તરે તેલીબિયાંનું ઉત્પાદન વધારવું અનિવાર્ય બન્યું છે. ધ સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયાએ ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સભ્યોને પાઠવેલા પત્રમાં દેશના તેલીબિયાં અને વનસ્પતિ તેલ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ, આયાત-નિકાસના આંકડા, ગુજરાતમાં વાવેતરની સ્થિતિ તથા ખેડૂતોની આવક વધારવા માટે ટકાઉ ખેતી પદ્ધતિઓ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આ પત્ર અનુસાર, નવેમ્બર ૨૦૨૫થી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ભારતમાં ખાદ્યતેલની આયાતમાં અગાઉના સમયગાળાની સરખામણીએ ત્રણ ટકાનો વધારો નોંધાયો હતો. આ સમયગાળા દરમિયાન દેશે કુલ ૧૫૧.૬૪ લાખ ટન ખાદ્યતેલની આયાત કરી હતી.

આયાતના આંકડાઓનું વિશ્લેષણ કરતાં જાણવા મળે છે કે રિફાઇન્ડ તેલની આયાત અગાઉની ૧૬.૮૯ લાખ ટનથી ઘટીને ૭.૪૦ લાખ ટન થઈ હતી. બીજી તરફ, ક્રૂડ ખાદ્યતેલની આયાત વધીને ૧૪૪.૨૪ લાખ ટન નોંધાઈ હતી. ક્રૂડ તેલની આયાત સ્થાનિક રિફાઇનિંગ ઉદ્યોગને ટેકો આપે છે, પરંતુ ખાદ્યતેલની કુલ જરૂરિયાતો માટે વિદેશી પુરવઠા પરની નિર્ભરતા હજુ પણ મોટો પડકાર છે. નેપાળમાંથી સાઉથ એશિયન ફ્રી ટ્રેડ એરિયા હેઠળ પ્રેફરન્શિયલ ડ્યૂટી વ્યવસ્થા અંતર્ગત ૬.૮૨ લાખ ટન રિફાઇન્ડ તેલની આયાત પણ સ્થાનિક રિફાઇનર્સ માટે ચિંતાનો વિષય હોવાનું પત્રમાં જણાવાયું છે.

વૈકલ્પિક દેશોમાંથી ખાદ્યતેલ મેળવવા પ્રયાસ

વિશ્વના અગ્રણી પામતેલ ઉત્પાદક દેશો ઇન્ડોનેશિયા અને મલેશિયા બાયોડીઝલના મિશ્રણને વધુ પ્રોત્સાહન આપી રહ્યા હોવાથી ખાદ્ય ઉપયોગ માટે પામતેલની ઉપલબ્ધતા પર દબાણ ઊભું થવાની શક્યતા છે. આ પરિસ્થિતિમાં ભારત માટે આયાતના વૈકલ્પિક સ્ત્રોતો વિકસાવવા મહત્ત્વપૂર્ણ બન્યું છે. આ દિશામાં કોલંબિયા અને મોઝામ્બિક સાથે સહકારની તકો શોધવામાં આવી રહી છે. વિશ્વમાં ચોથા ક્રમના પામતેલ ઉત્પાદક કોલંબિયાએ ભૂતકાળમાં ભારતને આશરે બે લાખ ટન પામતેલ પૂરું પાડ્યું હતું. કોલંબિયાના નેશનલ ફેડરેશન ઓફ ઓઇલ પામ ગ્રોઅર્સ સાથે સમજૂતી કરાર દ્વારા સહકાર વધારવાની પણ અપેક્ષા છે.

વિવિધ પાકોના વાવેતરમાં મિશ્ર પ્રવાહ

દેશમાં ખરીફ સિઝન દરમિયાન ૨ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં તેલીબિયાંનું કુલ વાવેતર ૧૯૬.૬૬ લાખ હેક્ટર નોંધાયું હતું, જે ગત વર્ષે સમાન સમયગાળામાં ૧૯૫.૫૫ લાખ હેક્ટર હતું. આમ, દેશના કુલ વાવેતર વિસ્તારમાં નજીવો વધારો થયો છે. જોકે, વિવિધ પાકોના વાવેતરમાં મિશ્ર પ્રવાહ જોવા મળ્યો છે. સોયાબીનનું વાવેતર ઘટીને ૧૨૩.૧૬ લાખ હેક્ટર થયું હતું, જ્યારે મગફળીનું વાવેતર આશરે ૫૧ લાખ હેક્ટરની આસપાસ સ્થિર રહ્યું હતું. તલનું વાવેતર વધીને ૧૧.૨૩ લાખ હેક્ટર અને સૂર્યમુખીનું વાવેતર ૧.૨૯ લાખ હેક્ટર થયું હતું. બીજી તરફ, એરંડાનું વાવેતર ઘટીને ૮.૯૭ લાખ હેક્ટર નોંધાયું હતું. ગુજરાત માટે ચિંતાજનક બાબત એ છે કે રાજ્યમાં તેલીબિયાંનું કુલ વાવેતર ગત વર્ષના ૩૧.૯૫ લાખ હેક્ટરથી ઘટીને ૩૦.૨૮ લાખ હેક્ટર થયું છે. તેમાં મગફળીનું વાવેતર પણ ઘટીને ૨૦.૭૦ લાખ હેક્ટર નોંધાયું છે. ગુજરાત મગફળીના ઉત્પાદન માટે મહત્ત્વનું રાજ્ય હોવાથી વાવેતરમાં થયેલો આ ઘટાડો કૃષિ ક્ષેત્ર અને ખાદ્યતેલ ઉદ્યોગ બંને માટે ધ્યાન આપવા જેવો છે. સોયાબીન પ્રોસેસર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયાના સર્વે મુજબ, ચાલુ ખરીફ સિઝનમાં સોયાબીનનું ઉત્પાદન ૧૦૭.૯ લાખ ટન રહેવાનો અંદાજ છે, જે અગાઉના વર્ષના ૧૧૦.૨૯ લાખ ટન કરતાં ૨.૧૧ ટકા ઓછું છે.

રવિ પાકના ટેકાના ભાવમાં વધારો

કેન્દ્ર સરકારની આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ વર્ષ ૨૦૨૭-૨૮ના માર્કેટિંગ સીઝન માટે તમામ નિર્ધારિત રવિ પાકોના લઘુતમ ટેકાના ભાવમાં વધારો મંજૂર કર્યો છે.તે મુજબ, રાયડો અને સરસવના ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૧૩નો વધારો કરીને રૂ. ૬,૬૧૩ કરવામાં આવ્યા છે. જ્યારે કુસુમના ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૬૭૫નો વધારો કરીને રૂ. ૭,૨૧૫ નક્કી કરવામાં આવ્યા છે. ટકાઉ ખેતી અને ખેડૂતોની આવક વધારવાના હેતુથી એસ ઈ એ દ્વારા એગ્રી બિઝનેસ લિમિટેડ, સોલિડેરિડાડ નેટવર્ક એશિયા લિમિટેડ અને ભારતખંડ ફાઉન્ડેશન સાથે મળીને રાજસ્થાનમાં 'સરસો સંકલ્પ' નામનો પાંચ વર્ષનો કાર્યક્રમ શરૂ કર્યો છે. રૂ. ૧૭ કરોડના ખર્ચના આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭માં ૧૫,૦૦૦ ખેડૂતોને જોડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. વર્ષ ૨૦૩૦-૩૧ સુધીમાં આ સંખ્યા વધારીને ૪૦,૦૦૦ ખેડૂતો સુધી પહોંચાડવાની યોજના છે.

સ્થાનિક ઉત્પાદન વધારવું એ જ લાંબા ગાળાનો ઉકેલ

એસ ઈ એ ના જણાવ્યાનુસાર વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતના તેલીબિયાં અને ખાદ્યતેલ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા સરકાર, ઉદ્યોગ, સંશોધન સંસ્થાઓ, પ્રોસેસર્સ, વેપારીઓ અને ખેડૂતો વચ્ચે સંકલન જરૂરી છે. ખેડૂતોને યોગ્ય ભાવ, ટકાઉ ખેતી પદ્ધતિઓ, સ્થાનિક પ્રોસેસિંગ ઉદ્યોગને પ્રોત્સાહન અને વૈકલ્પિક આંતરરાષ્ટ્રીય વેપાર ભાગીદારી દ્વારા ભારત ખાદ્યતેલ ક્ષેત્રમાં વધુ સક્ષમ બની શકે છે. દેશની ખાદ્યતેલની આયાત પરની નિર્ભરતા ઘટાડવા માટે સ્થાનિક ઉત્પાદન વધારવું અને સમગ્ર મૂલ્યશૃંખલાને મજબૂત બનાવવી લાંબા ગાળાની મુખ્ય જરૂરિયાત છે.

તેલખોળની નિકાસ ઘટી, આયાતમાં વધારો

ખાદ્યતેલ ઉપરાંત તેલખોળ અને પશુઆહારના વેપારમાં પણ પડકારો જોવા મળ્યા છે. એપ્રિલથી જુલાઈ ૨૦૨૬ દરમિયાન ભારતમાં ઓઇલકેક, મીલ અને ફીડની આયાત અગાઉના ૧.૩૫ લાખ ટનથી વધીને ૨.૭૫ લાખ ટન થઈ હતી. બીજી તરફ, તેલખોળની નિકાસ ૧૪.૫૬ લાખ ટનથી ઘટીને ૧૦.૬૨ લાખ ટન નોંધાઈ હતી.

તેલીબિયાંના વેપારમાં રૂ. ૪૦૯.૫૦ કરોડની ખાધ

એપ્રિલથી જુલાઈ ૨૦૨૬ દરમિયાન ભારતે ૩,૩૨૪.૦૫ કરોડ રૂપિયાની કિંમતનાં ૨.૬૪ લાખ ટન તેલીબિયાંની નિકાસ કરી હતી. તેની સામે ૩,૭૩૩.૫૫ કરોડ રૂપિયાની કિંમતનાં ૬.૭૫ લાખ ટન તેલીબિયાંની આયાત કરવામાં આવી હતી. આ આંકડા દર્શાવે છે કે દેશની સ્થાનિક જરૂરિયાતો પૂરી કરવા માટે તેલીબિયાંના ઉત્પાદનમાં વધારો, ગુણવત્તાયુકત બિયારણ, ખેતીનો ખર્ચ ઘટાડવાના પ્રયાસો અને ઉત્પાદનથી બજાર સુધીની વ્યવસ્થાને મજબૂત બનાવવી જરૂરી છે.

તંત્ર દ્વારા ડ્રાઇવિંગ લાયસન્સની પ્રક્રિયામાં પારદર્શિતા-ચોકસાઈ લાવવાના ઉદ્દેશ્ય સાથે ડિજિટલ સિસ્ટમ

RTOનો નવો AI ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક

૭૦ ટકા ઉમેદવારો ફેલ, નિયમોમાં ફેરફારથી પાસ થવાની ટકાવારી વધી : વેઇટિંગ ઘટાડવા દોઢ-બે મહિનામાં બીજો નવો AI ટ્રેક પણ ધમધમશે

રાજકોટ, તા. ૨૨

રાજકોટ પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી ખાતે ગત ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ અત્યાધુનિક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આધારિત ઓટોમેટેડ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેકની શરૂઆત કરવામાં આવી હતી. સરકાર અને તંત્ર દ્વારા ડ્રાઇવિંગ લાયસન્સની પ્રક્રિયામાં પારદર્શિતા અને ચોકસાઈ લાવવાના ઉદ્દેશ્ય સાથે આ ડિજિટલ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી હતી, પરંતુ શરૂઆતના તબક્કાથી જ આ હાઇટેક ટ્રેક પર ટેસ્ટ આપનારા અરજદારોનું નિષ્ફળતાનું પ્રમાણ ખૂબ જ ઊંચું નોંધાયું હતું. ખાસ કરીને ફોર-વ્હીલર ડ્રાઇવિંગ ટેસ્ટ આપવા આવતા વાહનચાલકોમાંથી મોટાભાગના લોકો નાપાસ થઈ રહ્યા હોવાની બાબત સામે આવી હતી, જેના કારણે છાશવારે કચેરી ખાતે લાયસન્સ માટેની અરજીઓનું વિશાળ વેઇટિંગ ઊભું થઈ ગયું હતું. આ પરિસ્થિતિનું બારીકાઈથી વિશ્લેષણ કરતા માલૂમ પડ્યું હતું કે ડ્રાઇવિંગ ટેસ્ટ દરમિયાન પાર્કિંગ સેક્શનમાં જ અંદાજે એંસી ટકા જેટલા ઉમેદવારો નાપાસ થતા હતા. આનું મુખ્ય કારણ એ હતું કે પાર્કિંગ માટે અગાઉ 'વર્ચ્યુઅલ બોક્સ' એટલે કે ડિજિટલ સેન્સર આધારિત સીમારેખાઓ રાખવામાં આવી હતી, જેને કારણે ડ્રાઇવિંગ કરી રહેલા ઉમેદવારને વાહન પાર્ક કરતી વખતે સીમા કે ધારનો સાચો ભૌતિક અંદાજ મળતો ન હતો અને સહેજ ભૂલ થતાં જ સેન્સર તેને ફેલ જાહેર કરી દેતા હતા.

અરજદારોને પડતી આ વ્યાવહારિક મુશ્કેલીને ધ્યાને રાખીને RTO તંત્ર અને રાજ્ય સરકાર દ્વારા તાકીદે મહત્વનો નીતિગત સુધારો સૂચવવામાં આવ્યો છે. જે અંતર્ગત હવે પાર્કિંગમાંથી વર્ચ્યુઅલ બોક્સની વ્યવસ્થા દૂર કરીને તેના સ્થાને વાસ્તવિક ફિઝિકલ પોલ એટલે કે થાંભલા ઊભા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેથી વાહનચાલક પોલના અંદાજ પરથી સાચી રીતે અને સરળતાથી ગાડી પાર્ક કરી શકે. રાજ્ય સરકાર દ્વારા આ સુધારો માત્ર રાજકોટ પૂરતો મર્યાદિત ન રાખતા સમગ્ર ગુજરાતની તમામ ૩૮ RTO કચેરીઓ ખાતે અમલી બનાવવાનો નિર્ણય લેવાયો છે અને આગામી એક જ અઠવાડિયાની અંદર આ નવતર



સુધારો તમામ જગ્યાએ પૂર્ણ કરી દેવામાં આવશે.

આ સુધારા અને અગાઉ નિષ્ફળ ગયેલા અરજદારો દ્વારા કરવામાં આવેલા પુનઃપ્રયાસોના પરિણામે પરિણામોમાં ધીમે-ધીમે સાનુકૂળ પરિવર્તન જોવા મળી રહ્યું છે. રાજકોટના છાશવારે અધિકારી ઇન્દ્રજીત ટાંકના જણાવ્યા અનુસાર, અગાઉ જે રિઝલ્ટ ખૂબ ઓછું આવતું હતું તેમાં હવે દિવસેને દિવસે સુધારો નોંધાઈ રહ્યો છે. ભૂતકાળમાં જ્યાં નાપાસ થવાનો દર ચિંતાજનક હતો, ત્યાં હવે અગાઉ ફેલ થયેલા લોકો પોતાની ભૂલો સુધારીને ફરી ટેસ્ટ આપી રહ્યા છે અને સફળ થઈ રહ્યા છે. અગાઉ ફોર-વ્હીલર ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ થનારા ઉમેદવારોની સરેરાશ ટકાવારી માત્ર ૧૪ ટકા જેટલી જ હતી, જે હવે વધીને ૨૦ થી ૨૨ ટકા સુધી પહોંચી ગઈ છે. આમ છતાં, વાસ્તવિકતા એ પણ છે કે હજુ પણ ફોર-વ્હીલર ડ્રાઇવિંગ ટેસ્ટમાં ૭૦ ટકાથી વધુ લોકો નાપાસ થઈ રહ્યા છે, જેના પરિણામે લાયસન્સ મેળવવા ઈચ્છુક નાગરિકો માટે વેઇટિંગ પિરિયડ સતત લંબાતો જાય છે.

આ લંબાયેલા વેઇટિંગની વિકટ સમસ્યામાંથી રાજકોટવાસીઓને કાયમી મુક્તિ અપાવવા માટે છાશવારે કચેરી ખાતે ઝડપી પગલાં લેવામાં આવી રહ્યા છે. હાલમાં કચેરી પરિસરમાં જ બીજા એક નવા AI આધારિત ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેકનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ બીજો નવો ટ્રેક આગામી દોઢથી બે મહિનાના સમયગાળામાં સંપૂર્ણ રીતે સજ્જ થઈને કાર્યરત કરી દેવામાં આવશે, જેથી રોજના ટેસ્ટિંગની ક્ષમતા બેગણી થઈ શકશે અને વેઇટિંગ યાદી ઝડપથી હળવી બનશે.

દરમિયાન, RTO કચેરી ખાતે દૈનિક ધોરણે નોંધાતી એપોઇન્ટમેન્ટ અને વાસ્તવિક હાજરી વચ્ચે પણ મોટો તફાવત જોવા મળી રહ્યો છે. હાલમાં ફોર-વ્હીલર ડ્રાઇવિંગ ટેસ્ટ માટે દરરોજની ૪૫૦ થી ૫૦૦ જેટલી ઓનલાઈન એપોઇન્ટમેન્ટ બુક થાય છે, પરંતુ તેમાંથી માત્ર ૧૦૦ થી ૨૦૦ જેટલા અરજદારો જ ખરેખર ટેસ્ટ આપવા માટે છાશવારે ખાતે ઉપસ્થિત રહે છે અને બાકીના લોકો એપોઇન્ટમેન્ટ લીધા હોવા છતાં ગેરહાજર રહે છે. બીજી તરફ, ટૂ-વ્હીલર વિભાગમાં સ્થિતિ વધુ સુચારૂ છે, જ્યાં દરરોજ સરેરાશ ૫૦૦ જેટલા અરજદારો કોઈપણ મોટા વિઘ્ન વગર સફળતાપૂર્વક પોતાની ડ્રાઇવિંગ ટેસ્ટ આપી રહ્યા છે. તંત્રને આશા છે કે નવો ટ્રેક શરૂ થવાથી અને પાર્કિંગમાં પોલ મૂકવાના સુધારાથી આગામી દિવસોમાં પાસ થવાનો દર વધુ સુધરશે અને અરજદારોનો સમય તેમજ રખડપટ્ટી બંને બચશે.

દિવાળી તહેવાર પૂર્વે મનપાની તિજોરી છલકાઈ

૭ ટી.પી. પ્લોટ પર ફટાકડા સ્ટોલની હરાજીથી ૩૫ લાખની આવક



રાજકોટ, તા. ૨૨

રાજકોટમાં દિવાળીના તહેવારોને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે શહેરભરમાં તહેવારી માહોલ જામવાની સાથે વ્યાપારી ગતિવિધિઓ પણ વેગ પકડી રહી છે. દિવાળીના પાવન અવસરે નાગરિકો ઉત્સાહભેર ફટાકડાની ખરીદી કરી શકે અને ધંધાર્થીઓને યોગ્ય વ્યવસાયિક પ્લેટફોર્મ મળી રહે તે હેતુસર રાજકોટ મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. મનપા દ્વારા શહેરના જુદા-જુદા સાત ટી.પી. પ્લોટ પર ફટાકડાના સ્ટોલ તેમજ સીઝનલ વ્યવસાય માટે જગ્યાઓ ભાડે ફાળવવા માટે જાહેર હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને વેપારીઓ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે.

મનપાની સેન્ટ્રલ ઝોન કચેરી, ઢેબરભાઈ રોડ ખાતે ગત તા. ૨૧/૧૦/૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે આ જાહેર હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ હરાજીમાં ભાગ લેવા માટે વેપારીઓમાં ભારે થનગનાટ જોવા મળ્યો હતો, જેના પરિણામે કુલ ૫૭ નાગરિકોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહીને હરાજીમાં ભાગ લીધો હતો. શહેરના સાત અલગ-અલગ ટી.પી. પ્લોટમાં કુલ ૨૮ ગાળા માટે આ હરાજી યોજાઈ હતી. મનપા દ્વારા પ્લોટ દીઠ અપસેટ કિંમત રૂ. ૨.૮૦ લાખ રાખવામાં આવી હતી, અને સ્પર્ધાત્મક બોલીઓના અંતે આ ૨૮ ગાળાની ફાળવણીથી રાજકોટ મહાનગરપાલિકાની તિજોરીમાં કુલ રૂ. ૩૫.૭૫ લાખની માતબર આવક જમા થઈ છે.

નાગરિકોની સુવિધા અને ટ્રાફિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને મનપા દ્વારા શહેરના વ્યૂહાત્મક અને પોશ વિસ્તારોના પ્લોટ્સ હરાજી માટે પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં નાનામવા સર્કલ ખાતેનો પ્લોટ, સાધુ વાસવાણી રોડ પર રાજ પેલેસ સામે આવેલો પ્લોટ, રૈયા રોડ પર પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ પાસેનો પ્લોટ, સાધુ વાસવાણી રોડ પર શાક માર્કેટ સામેનો પ્લોટ, રાજનગર મેઈન રોડ પર ધરતી હોન્ડાની સામે આવેલો પ્લોટ, ટી.પી. નં. ૨૬ (મવડી) અંતર્ગત એફ.પી. નં. ૪/એ, સુવર્ણભૂમિની બાજુમાં આવેલો પ્લોટ તેમજ અમીન માર્ગ કોર્નર પર ઝેડ-બ્લૂની સામે આવેલ ટી.પી. પ્લોટનો સમાવેશ થાય છે.

આ તમામ ફાળવાયેલી જગ્યાઓ પર આગામી તા. ૩૦/૧૦/૨૦૨૬થી તા. ૦૮/૧૧/૨૦૨૬ સુધી તથા જરૂરિયાત મુજબના વધારાના દિવસો માટે દિવાળી પર્વ દરમિયાન ફટાકડાના વેચાણ અને અન્ય સીઝનલ વ્યવસાયો ધમધમતા થશે. મનપાની આ સચોટ આયોજનબદ્ધ હરાજીથી એક તરફ મનપાની આવકમાં મોટો વધારો થયો છે, તો બીજી તરફ શહેરીજનોને પોતાના જ વિસ્તારમાં દિવાળીની ખરીદી માટે ઉત્તમ અને વ્યાપક વિકલ્પો ઉપલબ્ધ બન્યા છે.

રાજકોટ જિલ્લામાં માર્ગ અકસ્માત અટકાવવા કલેક્ટર ડો. ઓમ પ્રકાશનું કડક વલણ

હાઈવે પર ગેપ કરનાર સામે FIR નોંધવા તાકીદ

રાજકોટ, તા. ૨૨

રાજકોટ જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અને વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક અને ત્વરિત પગલાં ભરવાનું શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિ અને જિલ્લા હાઇવે ટાસ્ક ફોર્સની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં હાઇવે પર સર્જાતા જોખમોને નાથવા માટે ગેરકાયદે ગેપ ઇન મીડિયન, રસ્તા પરના ખાડાઓ તેમજ રોડ સાઇડના દબાણો તાત્કાલિક અસરથી દૂર કરવા સંબંધિત વિભાગના અધિકારીઓને આકરા આદેશો આપવામાં આવ્યા હતા.

બેઠક દરમિયાન કલેક્ટર ડો. ઓમ પ્રકાશે નેશનલ હાઇવે પર એકપણ અનધિકૃત 'ગેપ ઇન મીડિયન' ન રહે તે બાબત સુનિશ્ચિત કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. અવારનવાર પોતાના સ્વાર્થ માટે કે શોર્ટકટ અપનાવવા માટે હાઇવે વચ્ચેનું ડિવાઇડર કે મીડિયન તોડીને ગેરકાયદે રસ્તો બનાવતા તત્ત્વો સામે કડક કાનૂની પગલાં લેવા અંગે પણ તેમણે સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા. આવા સંવેદનશીલ અને જોખમી સ્થળોની ઓળખ કરી ત્યાં તાત્કાલિક સી.સી.ટી.વી. કેમેરા સ્થાપિત કરવામાં આવશે, જેથી ડિવાઇડર તોડનારાઓને ઝડપી શકાય. આ ઉપરાંત, જો કોઈ કિસ્સામાં જાહેર મિલકતને નુકસાન પહોંચાડીને ગેરકાયદે રસ્તો બનાવવામાં નજીકની હોટેલ, ઢાબા કે પેટ્રોલ પંપની સંડોવણી અથવા પ્રોત્સાહન જણાઈ આવશે તો તેમની સામે પણ સીધી



એફ.આઈ.આર. (FIR) નોંધીને દાખલારૂપ દંડનાત્મક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લામાંથી પસાર થતા મુખ્ય વાહન વ્યવહારના માર્ગોની સ્થિતિ અંગે સમીક્ષા કરતા કલેક્ટરે રાજકોટ-અમદાવાદ હાઇવે તેમજ રાજકોટ-જેતપુર હાઇવે પર હાલ ચાલી રહેલા માર્ગીય અને ઓવરબ્રિજના કામોનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે આ બંને હાઇવે પર ચાલતી પુલોની કામગીરી સમયમર્યાદામાં અને વહેલી તકે પૂર્ણ કરવા માટે સંબંધિત એજન્સીઓ અને અધિકારીઓને સૂચના આપી હતી, જેથી વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતના ભયમાંથી રાહત મળી શકે.

હાઇવે પર જોખમી અને અનધિકૃત રીતે પાર્કિંગ કરતા વાહનો સામે પણ ઝુંબેશ ચલાવવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન આર.ટી.ઓ. અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત રીતે આશરે ૧૯૨ જેટલા વાહનચાલકોને દંડનાત્મક મેમો ફટકારવામાં આવ્યા હતા.

હાઇવે પર ટ્રાફિક સંચાલન વધુ સુચારુ અને સ્માર્ટ બને તે માટે કલેક્ટરે હાઇવે પર આવેલા તમામ ટોલ પ્લાઝા વિસ્તારોમાં 'એડવાન્સ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ' (ATMS) તાત્કાલિક ધોરણે લાગુ કરવા માટે ખાસ સૂચના આપી હતી. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા પોલીસ અધ્યક્ષ (SP) વિજયસિંહ ગુર્જર, આસિસ્ટન્ટ કલેક્ટર અતુલ સિંઘ, આર.ટી.ઓ. અધિકારી આઈ. એસ. ટાંક સહિત રોડ અને મકાન વિભાગ, નેશનલ હાઇવે ઓથોરિટી અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં શુદ્ધ પાણી માટે મહાઅભિયાન

મહિને ૮,૦૦૦ સેમ્પલનું ટેસ્ટિંગ, દૂષિત પાણીની ફરિયાદો પર તંત્રની સઘન ઝુંબેશ!

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને શુદ્ધ, સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી પૂરું પાડવાના ઉદ્દેશથી વોટર મેનેજમેન્ટની એક અત્યંત સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરમાં પ્રદૂષિત પાણી અથવા પાણીજન્ય રોગચાળાની ફરિયાદોને જડમૂળથી નેસ્તનાબૂદ કરવા માટે તંત્ર દ્વારા વોટર સપ્લાયની સમગ્ર સિસ્ટમ પર સઘન મોનિટરિંગ રાખવામાં આવી રહ્યું છે. પાણી વિતરણની આ પ્રક્રિયા કેટલી કડક અને વ્યાપક છે, તેનો અંદાજ તે વાત પરથી લગાવી શકાય છે કે પાલિકા દ્વારા દર મહિને અંદાજે ૭,૫૦૦ થી ૮,૦૦૦ પાણીના સેમ્પલ એકત્રિત કરીને તેની ચકાસણી કરવામાં આવે છે.

શુદ્ધિકરણ પ્રક્રિયાના પાસાઓની વાત કરીએ તો, ફિલ્ટર પ્લાન્ટથી લઈને છેક વોર્ડ કક્ષા સુધી પ્રી અને પોસ્ટ ક્લોરિનેશન સાથે વૈજ્ઞાનિક ધોરણે સેમ્પલિંગની કામગીરી કરવામાં આવે છે. માત્ર ઓક્ટોબર માસની જ વાત કરીએ તો, અત્યાર સુધીમાં ૫,૫૦૦ જેટલા પાણીના સેમ્પલનું લેબ ટેસ્ટિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આ નિયમિત સેમ્પલિંગ ડ્રાઈવના કારણે પાણીની ગુણવત્તામાં કોઈ પણ પ્રકારની ઉણપ રહેતી નથી અને સંભવિત જોખમો સમયસર ટળી જાય છે.

શહેરી વિસ્તારમાં ક્યારેક પાઈપલાઈન લીકેજ થવાને કારણે કે ડ્રેનેજનું પાણી ભળવાને કારણે (કન્ટેમિનેશન) પાણી દૂષિત થવાની ફરિયાદો સામે આવતી હોય છે. આવી કોઈપણ ફરિયાદ મળતાં જ તંત્ર ત્વરિત હરકતમાં આવી જાય છે અને તાત્કાલિક ધોરણે બેક્ટેરિયોલોજીકલ ટેસ્ટ કરવામાં આવે છે. આ ઝુંબેશનું સૌથી મોટું જમા પાસું તેનું ફાસ્ટ રિસ્પોન્સ છે; જો ચકાસણી દરમિયાન પાણીનું કોઈ સેમ્પલ ફેઈલ જાય કે અશુદ્ધિ જણાય, તો તુરંત જ સંબંધિત ક્ષેત્રના એન્જિનિયરોને જાણ કરીને તાત્કાલિક ધોરણે રિપેરિંગ અને ફ્લશિંગની કામગીરી શરૂ કરી દેવામાં આવે છે. નાગરિકોના આરોગ્ય અને સુખાકારી સાથે ક્યારેય કોઈ બાંધછોડ ન થાય તે માટે તંત્રની આ સક્રિયતા શહેરના હિતમાં અત્યંત આવકારદાયક સાબિત થઈ રહી છે.

રાજકોટ પર તોળાતું ભીષણ જળસંકટ

આજી, ન્યારી-૧માં ૧૦ નવેમ્બર સુધીનો જળજથ્થો

મનપા કમિશનર દોડ્યા ગાંધીનગર! : સરકાર પાસે ૪૦૦૦ MCFT નર્મદાના પાણીની તાકીદની માંગ

રાજકોટ, તા. ૨૨

રંગીલા રાજકોટવાસીઓ માથે શિયાળાની શરૂઆતમાં જ ગંભીર જળસંકટના વાદળો ઘેરાયા છે. શહેરની વસ્તી અને પાણીની દૈનિક જરૂરિયાત સામે મુખ્ય જળાશયોમાં જળસ્તર ચિંતાજનક રીતે તળિયે પહોંચી ગયા છે. સ્થિતિ કેટલી વિકટ છે તેનો અંદાજ તે વાત પરથી લગાવી શકાય તેમ છે કે, શહેરના જીવનદાતા સમાન આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં હવે માંડ આગામી ૧૦ નવેમ્બર સુધી જ ચાલે તેટલું પાણી શેષ રહ્યું છે. જો સમયસર વૈકલ્પિક વ્યવસ્થા રૂપે નર્મદાનું પાણી આ ડેમમાં ઠાલવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં રાજકોટવાસીઓએ પાણી માટે વલખાં મારવાનો વારો આવે તેવી પ્રબળ સંભાવનાઓ ઉદ્ભવી છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈને રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરે આજે તાબડતોબ ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી છે અને તાત્કાલિક ધોરણે ૪૦૦૦ ખઈક્ષ્ઝ (મિલિયન ક્યુબિક ફીટ) નર્મદાના પાણીની માંગણી કરી છે.

શહેરભરમાં પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા અને ઉપલબ્ધ જળજથ્થા અંગે છેલ્લા કેટલાક દિવસોથી મનપાની વોટર વર્ક્સ શાખામાં ચિંતાનું વાતાવરણ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરું પાડતા મુખ્ય સ્ત્રોતોમાં ગણાતા આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં હાલ પાણીનું તળ દેખાઈ રહ્યું છે. અત્યારની સ્થિતિએ બંને ડેમનો સંયુક્ત જળજથ્થો માંડ ૧૦ નવેમ્બર સુધી જ ચાલે તેમ છે. ચોમાસા દરમિયાન અપેક્ષિત વરસાદ ન વરસવાને કારણે



અથવા તો પાણીના વપરાશ અને ડેમની ક્ષમતા વચ્ચેના અસંતુલનને કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાનું મનાઈ રહ્યું છે. જો તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે યોગ્ય પગલાં નહીં ભરાય, તો આગામી દિવસોમાં શહેરમાં પાણીના વિતરણ પર કાપ મૂકવા પડે તેવી ફરજ પડી શકે છે.


આ ગંભીર કટોકટીમાંથી બહાર નીકળવા અને નાગરિકોને પીવાનું પાણી નિયમિત મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે મનપા કમિશનર આજે ખાસ પાયલોટ ધોરણે ગાંધીનગર પહોંચ્યા છે. ગાંધીનગરમાં સચિવાલય ખાતે રાજ્ય સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી આ બેઠકમાં મનપા દ્વારા સત્તાવાર રીતે ૪૦૦૦ ખઈક્ષ્ઝ નર્મદાનું પાણી ફાળવવાની માંગ કરવામાં આવી છે. મનપાના પદાધિકારીઓ અને અધિકારીઓનું સ્પષ્ટ માનવું છે કે રાજકોટવાસીઓને જળસંકટથી બચાવવા માટે નર્મદાનું પાણી જ એકમાત્ર અમોઘ શસ્ત્ર સમાન છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જો આજની આ બેઠક બાદ સરકાર દ્વારા સત્વરે નર્મદાની કેનાલમાંથી પાણી છોડવાની મંજૂરી આપવામાં નહીં આવે અને સમયસર આજી તથા ન્યારી ડેમમાં નર્મદાના નીર ઠાલવવામાં નહીં આવે, તો નવેમ્બરના મધ્ય ભાગથી જ રાજકોટના અનેક વોર્ડમાં પાણીની વિકટ સમસ્યા સર્જાઈ શકે છે. મનપા પ્રશાસન અને સત્તાધીશો હાલ દિલ્હી-ગાંધીનગર સ્તરેથી વહેલી તકે મંજૂરી મેળવીને પાણીનો જથ્થો રાજકોટ તરફ વાળવા માટેના તમામ પ્રયાસો કરી રહ્યા છે.

હવે સૌની નજર ગાંધીનગર ખાતે યોજાયેલી આ બેઠકના પરિણામ પર છે કે, સરકાર રાજકોટની આ હાલાત જોઈને તાત્કાલિક ધોરણે ૪૦૦૦ ખઈક્ષ્ઝ પાણીનો જથ્થો મંજૂર કરે છે કે કેમ અને રંગીલા રાજકોટવાસીઓને પાણીના મોરચે રાહત મળે છે કે નહીં.

અશાંત રાજકોટ

પોલીસની ધાક જરૂરી, પરિણામલક્ષી કાર્ય કરો



રાજકોટ શહેરમાં તાજેતરમાં બનેલી ગંભીર ગુનાહિત ઘટનાઓએ નાગરિકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. વધતી જતી અસામાજિક પ્રવૃત્તિઓને લીધે રંગીલું રાજકોટ હવે ધીમે ધીમે જોખમી બની રહ્યું હોય તેવો ડર નાગરિકોના મનમાં ઘર કરી ગયો છે. તાજેતરમાં જ મોડી રાતે પોલીસ કાફલો મેદાનમાં ઉતર્યો હતો અને શહેરભરમાં સઘન કોમ્બિંગ તથા વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. આ મેગા ડ્રાઇવ દરમિયાન જીવલેણ છરી જેવા ગેરકાયદે હથિયારો સાથે ૧૫ લુખ્ખાઓ અને ૨૧ નશાખોરો ઝડપાયા છે. પોલીસનું આ કદમ પ્રશંસનીય છે, પરંતુ માત્ર એકલ-દોકલ રાતની કાર્યવાહીથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કાયમી ધોરણે સુધરી શકતી નથી.

રાજકોટને વધુ જોખમી બનતું અટકાવવા માટે શહેરમાં પોલીસની કડક ધાક હોવી અત્યંત જરૂરી છે. ગુનેગારો અને અસામાજિક તત્વોના મનમાં કાયદાનો ડર બેસે તેવું પરિણામલક્ષી કાર્ય પોલીસ તંત્રે કરવું પડશે. માત્ર શેરીઓમાં રખડતા સામાન્ય લુખ્ખાઓ કે છૂટાછવાયા દારૂડિયાઓને પકડી લેવાથી ગુનાખોરી ડામી શકાતી નથી. પોલીસ તંત્રે ગુનાખોરીના મૂળ સુધી પહોંચવું પડશે. આવા નાના-મોટા અસામાજિક તત્વોને આશરો આપતા અને તેમને પીઠબળ પૂરું પાડતા તેમના અસલી સરદારો તેમજ આકાઓને પણ ઝડપીને જેલમાં ધકેલવા પડશે. જ્યાં સુધી ગુનાખોરીના આ મુખ્ય સૂત્રધારો સામે સખત કાર્યવાહી નહીં થાય, ત્યાં સુધી આવી પ્રવૃત્તિઓ ડામી શકાશે નહીં.

શહેરમાં માત્ર ખાસ પ્રસંગો કે ઉપરી અધિકારીઓના દબાણ હેઠળ જ આવી ઝુંબેશ ચલાવવામાં આવે તે પૂરતું નથી. રાજકોટની શાંતિ અને સલામતી રાખવા માટે પોલીસ દ્વારા વ્યાપક અને કાયમી અભિયાન ચલાવવું ખૂબ જ અનિવાર્ય છે. રાત્રિ પેટ્રોલીંગને માત્ર કાગળ પર નહીં, પરંતુ રસ્તાઓ પર સઘન અને અસરકારક બનાવવું પડશે. અસામાજિક તત્વોના અડ્ડાઓ પર અચાનક દરોડા પાડવા અને હથિયારો તથા નશાકારક પદાર્થોની હેરાફેરી કરતી ગેંગોને નેસ્તનાબૂદ કરવી પડશે.

સામાન્ય નાગરિકો, વડીલો, મહિલાઓ અને વેપારીઓ કોઈપણ જાતના ડર વિના નિર્ભય વાતાવરણમાં જીવી શકે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી પોલીસ પ્રશાસનની છે. જો પોલીસ કડક હાથે કામ લઈને નક્કર પગલાં ભરશે, તો જ ગુનેગારોમાં સાચો ભય પેદા થશે અને આપણું રાજકોટ ફરીથી સલામત તથા શાંતિપ્રિય શહેર બની રહેશે.

નવા સીમાંકનની રાજ્યની લોકસભા પર શું અસર?

લોકસભા બેઠકોની સંખ્યા ૫૪૩ થી વધીને ૮૧૬ અથવા ૮૫૦ થઈ શકે : નવા સીમાંકનથી ઉત્તર પ્રદેશ અને બિહાર સહિત તમામ રાજ્યોમાં બેઠકો વધવાની અપેક્ષા

નવીદિલ્હી, તા. ૨૨

કેન્દ્ર સરકાર આ મહિને સંસદનું ખાસ સત્ર બોલાવી શકે છે. લોકસભાની બેઠકો વધારવા માટે બંધારણ (૧૩૧મો સુધારો) બિલ, સીમાંકન (સુધારો) બિલ અને કેન્દ્રશાસિત પ્રદેશો કાયદા (સુધારો) બિલ પસાર કરવામાં આવશે. છ મહિના પહેલા, સરકારે બિલ પસાર કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ લોકસભામાં બે તૃતીયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયો. એવું કહેવામાં આવી રહ્યું છે કે સરકારે હવે જરૂરી બહુમતી મેળવી લીધી છે. લોકસભામાં હાલમાં ૫૪૩ સાંસદો છે. જો સરકારના ૫૦% વધારા મોડેલ મુજબ બેઠકો વધારવામાં આવે તો, લોકસભામાં આશરે ૮૧૬ સાંસદો હોઈ શકે છે. મહત્તમ ૮૫૦ બેઠકોની મર્યાદા પ્રસ્તાવિત છે. આ મોડેલ હેઠળ, ઉત્તર પ્રદેશની બેઠકો ૮૦ થી વધીને ૧૨૦ થઈ શકે છે, અને બિહારની બેઠકો ૪૦ થી વધીને ૬૦ થઈ શકે છે. મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ અને કર્ણાટકમાં પણ બેઠકોમાં વધારો જોવા મળશે. જોકે, બેઠકોમાં વધારાનો અર્થ એ નથી કે સાંસદને ફાળવવામાં આવેલી વસ્તી દરેક રાજ્યમાં સમાન હશે. રાજ્યોમાં વસ્તી વૃદ્ધિની ગતિ અલગ અલગ રહી છે. આ જ કારણ છે કે નવા સીમાંકન અંગેની ચર્ચામાં ઉત્તર અને દક્ષિણ ભારતીય રાજ્યો માટે પ્રતિનિધિત્વનો પ્રશ્ન મહત્વપૂર્ણ બની ગયો છે.

નીચેના અંદાજો ૨૦૨૬ માટેના સરકારી વસ્તી અંદાજો અને દરેક રાજ્ય માટે હાલની લોકસભા બેઠકોમાં ૫૦% વધારાની મોડેલ પર આધારિત છે. આ અંતિમ બેઠકો નથી. વસ્તી આંકડા ૨૦૨૬ ના અંદાજો છે, અંતિમ વસ્તી ગણતરીના આંકડા નથી. સરકારી અંદાજો અનુસાર, ૨૦૨૬ માં બિહારની વસ્તી આશરે ૧૩૨.૩ મિલિયન અને ઉત્તર પ્રદેશની વસ્તી આશરે ૨૪૨.૯ મિલિયન હોઈ શકે છે. જો બિહારમાં ૬૦ બેઠકો હોય અને ઉત્તર પ્રદેશમાં ૧૨૦ બેઠકો હોય, તો દરેક સાંસદમાં અનુક્રમે આશરે ૨.૨ મિલિયન અને ૨ મિલિયન લોકો હોત. ૭૨ બેઠકો ધરાવતા મહારાષ્ટ્રમાં આશરે ૧.૮ મિલિયન અને ૬૩ બેઠકો ધરાવતા પશ્ચિમ બંગાળમાં પ્રતિ સાંસદમાં આશરે ૧.૬ મિલિયન લોકો હોત.



મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં, આ સંખ્યા ૨ મિલિયનથી વધુ થઈ શકે છે. આ સૂચવે છે કે બધા રાજ્યોમાં બેઠકોમાં ૫૦% વધારો થવા છતાં, પ્રતિ સાંસદ વસ્તી સમાન નહીં હોય. તમિલનાડુ બીજું ઉદાહરણ છે. ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં રાજ્યની વસ્તી આશરે ૭૨.૧ મિલિયન હોવાનો અંદાજ હતો. આ આંકડાને ૫૯ બેઠકોથી ભાગવાથી પ્રતિ બેઠક આશરે ૧.૨૨ મિલિયન લોકો મળે છે. ૨૦૨૬ના અંદાજ મુજબ, આ સંખ્યા આશરે ૧.૩૧ મિલિયન થાય છે. કર્ણાટકની ૪૨ બેઠકો પર પ્રતિ સાંસદ આશરે ૧.૬૪ મિલિયન લોકો હશે.

સીમાંકનનો અર્થ લોકસભા બેઠકો અને મતવિસ્તારની સીમાઓમાં ફેરફાર થાય છે. વર્તમાન બંધારણીય જોગવાઈઓ હેઠળ, રાજ્યો વચ્ચે બેઠકોની ફાળવણી ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે કરવામાં આવે છે, જ્યારે મતવિસ્તારની સીમાઓ ૨૦૦૧ની વસ્તી ગણતરીના આધારે નક્કી કરવામાં આવી હતી. બંધારણમાં દર ૧૦ લાખ લોકો માટે એક સાંસદની જોગવાઈ છે. તે એ પણ નિર્ધારિત કરે છે કે સાંસદોની સંખ્યા ૫૫૦ થી વધુ ન હોઈ શકે.

બંધારણની મૂળભૂત જોગવાઈ એ છે કે વસ્તીના આધારે બેઠકો ફાળવવામાં આવે છે, એટલે કે વસ્તીની સંખ્યા વધુ હશે. ૧૯૭૦ના દાયકામાં, સરકારે પરિવાર નિયોજન પર પણ ભાર મૂક્યો હતો. પરિણામ એ આવ્યું કે જ્યારે દક્ષિણના રાજ્યોએ આ અભિગમ લાગુ કર્યો હતો, ત્યારે ઉત્તરના રાજ્યોએ તેમ કર્યું નહીં. પરિણામે, દક્ષિણ રાજ્યોમાં વસ્તી ઘટી, જ્યારે ઉત્તરીય રાજ્યોમાં વૃદ્ધિ થવા લાગી. ચિંતા ઊભી થઈ કે જે રાજ્યોએ કુટુંબ નિયોજન દ્વારા તેમની વસ્તીનું સંચાલન કર્યું હતું તેઓ બેઠકો ગુમાવશે, એટલે કે સંસદમાં તેમનું પ્રતિનિધિત્વ પણ ઘટશે. વધુમાં, વધતી વસ્તીવાળા રાજ્યોમાં તેમની બેઠકોમાં વધારો થશે, જેના કારણે સંસદમાં પ્રતિનિધિત્વ વધશે. આનાથી વિવાદ થયો, અને ૧૯૭૭ માં, સરકારે બંધારણમાં સુધારો કર્યો, જેમાં એવી શરત મૂકવામાં આવી કે સંસદમાં બેઠકો ૧૯૭૧ ની વસ્તી ગણતરીના આધારે ૨૦૦૧ સુધી રહેશે. જોકે, ૨૦૦૨ માં, અટલ બિહારી વાજપેયી સરકારે આને ૨૦૨૬ સુધી લંબાવી.

સીમાંકન પંચ રાજ્યમાં લોકસભા અને વિધાનસભા બેઠકોની સંખ્યા નક્કી કરે છે. સીમાંકન પંચની રચના ૧૯૫૨ માં કરવામાં આવી હતી. બંધારણની કલમ ૮૨ આયોગના આદેશને વ્યાખ્યાયિત કરે છે. આ મુજબ, ૧૦ વર્ષમાં પ્રથમ વસ્તી ગણતરી પછી સીમાંકન કરવામાં આવશે. ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આધારે, વસ્તી ગુણોત્તરના આધારે બેઠકો વિતરણ માટે અલગ અલગ અંદાજ છે. વસ્તી ગુણોત્તરના આધારે, જો કુલ બેઠકોની સંખ્યા ન વધે, તો ઉત્તર પ્રદેશની બેઠકો ૮૦ થી વધીને ૮૯ અને બિહારની ૪૦ થી વધીને ૪૬ થઈ શકે છે.

દાઉદ ત્યાં રહે છે જ્યાં લાદેન માર્યો ગયો

ભારતે યુએનમાં આતંકવાદ પર મજબૂત વલણ અપનાવ્યું સાથે દાઉદ ઇબ્રાહિમ પર, તથ્યોની અવગણના અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા

નવીદિલ્હી, તા. ૨૨

ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં આતંકવાદના મુદ્દા પર કડક વલણ અપનાવ્યું છે. ભારતે દાઉદ ઇબ્રાહિમ પર યુએનના ખાસ રેપોર્ટર બેન સાઉલના અહેવાલ અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. ભારતે જણાવ્યું છે કે રિપોર્ટમાં દાઉદ ઇબ્રાહિમને ભારતમાં કાર્યરત ડી-કંપની ગેંગના નેતા તરીકે વર્ણવવામાં આવ્યું છે તે હકીકતો સાથે અસંગત છે. યુએન જનરલ એસેમ્બલીની ત્રીજી સમિતિ સમક્ષ બોલતા, ભારતના પ્રથમ સચિવ રઘુ પુરીએ જણાવ્યું હતું કે દાઉદ ઇબ્રાહિમ ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટમાં ભારતમાં વોન્ટેડ આરોપી છે. યુએનએ ૨૦૦૩માં અલ-કાયદા સાથેના તેના સંબંધોના આધારે તેને પ્રતિબંધોની યાદીમાં પણ ઉમેર્યો હતો. તેથી, અહેવાલમાં આતંકવાદી પ્રવૃત્તિઓના તેના ભૂતકાળના રેકોર્ડનો ઉલ્લેખ ન કરવો એ એક ગંભીર ભૂલ છે.

રઘુ પુરીએ જણાવ્યું હતું કે દાઉદ ઇબ્રાહિમ ૨૦૦૩ની યાદીમાં સામેલ થયાના ઘણા સમય પહેલા ભારત છોડી ગયો હતો. યુએનની યાદીનો



ઉલ્લેખ કરતા, તેમણે જણાવ્યું હતું કે દાઉદ તે દેશમાં રહે છે જ્યાં અલ-કાયદાના નેતા ઓસામા બિન લાદેનને મળી આવ્યો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી, જે પાકિસ્તાનનો ઉલ્લેખ છે. ભારતે માનવ અધિકારોના નામે આતંકવાદના રક્ષણ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. રઘુ પુરીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે માનવાધિકાર અને આતંકવાદ વિરોધી પદ્ધતિઓનો ઉપયોગ આતંકવાદીઓને બચાવવા અથવા ઉગ્રવાદને પ્રોત્સાહન આપવા માટે થવો જોઈએ નહીં. તેમણે અહેવાલમાં કથિત પક્ષપાત અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને યુએન અધિકારીઓએ નિષ્પક્ષતા અને જવાબદારી જાળવી રાખવાની માંગ કરી હતી.

ભારતે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ અંગે પાકિસ્તાનના નિવેદનનો પણ વિરોધ કર્યો હતો. પાકિસ્તાનના દાવાઓને રાજકીય પ્રચાર ગણાવતા, પુરીએ પુનરોચ્ચાર કર્યો હતો કે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હંમેશા ભારતના અભિન્ન અંગ છે અને રહેશે. ભારતે એમ પણ કહ્યું હતું કે જો યુએનના અહેવાલોમાં તથ્યપૂર્ણ અચોક્કસતા હોય, તો જવાબદારી નક્કી કરવી જોઈએ. યોગ્ય તપાસ વિના સભ્ય દેશોને આવા અહેવાલો રજૂ કરવાથી યુએનની વિશ્વસનીયતાને નુકસાન થઈ શકે છે. ભારતે યુએનમાં આતંકવાદ પર કડક વલણ અપનાવ્યું છે, ખાસ કરીને દાઉદ ઇબ્રાહિમ પર યુએનના અહેવાલમાં તથ્યોની અવગણના અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. ભારતે જણાવ્યું હતું કે રિપોર્ટમાં દાઉદ ઇબ્રાહિમના અલ-કાયદા સંબંધોનો ઉલ્લેખ ન કરવો એ એક ગંભીર ભૂલ હતી.

SIR વિરુદ્ધ આજે દેશવ્યાપી વિરોધ

જામીન પછી પણ કોંક્રોચ જનતા પાર્ટીના નેતાઓની મુશ્કેલીઓ ચાલુ : ક્રાઈમ બ્રાન્ચની પૂછપરછ

નવીદિલ્હી, તા. ૨૨

સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે શુક્રવાર, ૨૩ ઓક્ટોબરે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનનું આહ્વાન કરવામાં આવ્યું છે. નાગરિક સમાજ સંગઠનો, વિદ્યાર્થી સંગઠનો, ખેડૂત સંગઠનો અને લઘુમતી સંગઠનોના ગઠબંધને ''પીપલ અગેઇન્સ્ટ SIR'' ના બેનર હેઠળ વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. દરમિયાન, કોકરોચ જનતા પાર્ટી (CJP) ના નેતાઓ મુશ્કેલીમાં છે અને આજે દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેમની પૂછપરછ કરવામાં આવશે. આનાથી પ્રશ્ન ઉભો થાય છે કે શું CJPના નેતાઓ આ વિરોધ પ્રદર્શનમાં ભાગ લેશે. ચાલો પરિસ્થિતિ પર એક પગલું દ્વારા નજર કરીએ. રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનના આયોજકોનો આરોપ છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ફક્ત પોતાના



અંગત હિતોને આગળ વધારવા માટે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરના બંધારણીય પદનો ''બેશરમીથી'' ઉપયોગ કર્યો છે. આયોજકોનું કહેવું છે કે વિરોધ કૂચ યોજવાનો નિર્ણય ૧૪ ઓક્ટોબરે યોજાયેલી સંયુક્ત બેઠક પછી લેવામાં આવ્યો હતો. પીપલ અગેઇન્સ્ટ SIR જોડાણે પણ ભારત બ્લોકને ૨૩ ઓક્ટોબરે પોતાનો ટેકો આપવા અપીલ કરી છે, જેથી મોટી સંખ્યામાં લોકો આંદોલનમાં જોડાઈ શકે.

દિલ્હી પોલીસે રાષ્ટ્રીય રાજધાનીમાં જંતર-મંતરને વિરોધ પ્રદર્શન માટે નિયુક્ત સ્થળ તરીકે માન્યતા આપતું જાહેરનામું રદ કર્યું છે. CJP નેતાઓ આશુતોષ રંકા અને સૌરવ દાસને વિરોધમાં અને નાગરિક કાનૂનભંગના ભાગ રૂપે જંતર-મંતર પર ભારતીય ત્રિરંગો લહેરાવવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટનાઓને ધ્યાનમાં રાખીને, કૂચના આયોજકોએ સ્વ-ઘોષિત દેશભક્તોને આગળ આવવા, દેશભરમાં કૂચ કરવા અને હાથમાં ત્રિરંગો પકડીને દરેક ભારતીય શેરીને જંતર-મંતરમાં પરિવર્તિત કરવા અપીલ કરી છે. દિલ્હીના એક સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ (SEM) એ CJP નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રંકાને મુક્ત કર્યા છે. બંનેએ તેમના સોગંદનામામાં જણાવ્યું છે કે તેઓ શાંતિમાં ખલેલ પહોંચાડશે નહીં અને જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન માટે અપીલ કરશે નહીં જ્યાં સુધી તે નિયુક્ત વિરોધ સ્થળ ન રહે. દાસ અને રંકાને ૫૦,૦૦૦ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યા છે. તેઓ હવે તિહાર જેલમાંથી બહાર નીકળી ગયા છે, પરંતુ તેમની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાતા નથી.

સૌરવ દાસ અને આશુતોષ રંકા તિહાર જેલમાંથી બહાર નીકળ્યા કે તરત જ, દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચે તેમને તપાસમાં જોડાવા માટે નોટિસ જારી કરી, અને તેઓ ૨૨ ઓક્ટોબરે ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થવાના છે. ક્રાઈમ બ્રાન્ચે અજિંક્ય શિંદેને પણ તપાસમાં જોડાવા માટે તેની ઓફિસમાં સમન્સ પાઠવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચે તેમને સરકારી આદેશની કલમ ૧૮૮ ના ઉલ્લંઘન અને જંતર-મંતર પહોંચવા માટે કોઈ બીજાની મિલકતમાં પ્રવેશ કરવાના સંદર્ભમાં તપાસમાં જોડાવા માટે સમન્સ પાઠવ્યા છે. હવે, પ્રશ્ન એ ઊભો થાય છે કે શું સીજેપી નેતા જેલમાંથી મુક્ત થયા પછી રાષ્ટ્રવ્યાપી આંદોલનમાં જોડાશે? આ સંદર્ભમાં સૌરવ દાસ અને આશુતોષ રંકા તરફથી કોઈ જવાબ મળ્યો નથી. ખરેખર, બુધવારે કોર્ટની સુનાવણી દરમિયાન, મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે શાંતિ અને જાહેર વ્યવસ્થા જાળવવા માટે જરૂરી તાત્કાલિક નિવારક પગલાં બંને નેતાઓ પાસેથી જામીન અને લેખિત સોગંદનામા મેળવીને પૂરતા પ્રમાણમાં પૂર્ણ કરી શકાય છે. તેઓએ ખાસ ખાતરી આપી હતી કે જ્યાં સુધી તે કાયદેસર રીતે નિયુક્ત વિરોધ સ્થળ ન બને ત્યાં સુધી તેઓ જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન માટે અપીલ કરશે નહીં. બંનેએ જણાવ્યું હતું કે તેઓ જે પણ વિરોધ પ્રદર્શન કરે છે તે બંધારણીય મર્યાદામાં રહેશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

સમાજ દર્શન

લગ્ન એ ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચ સંસ્કાર છે, અને એટલે સમાજે લગ્ન પરંપરાને પૂર્ણ ટેકો જાહેર કર્યો છે



હમણાં નવરાત્રી નો ઉત્સવ બધાએ ખૂબ જ ભક્તિ ભાવથી અને યુવાનો એ ઉત્સાહથી થનગનાટ સાથે ઉજવ્યો! અને ગુજરાત ભરમાં હવે યુવતીઓ રાત્રીનાં મોડે સુધી કોઈ ડર વગર ગરબા રમી શકી, એ રીતે જોઈએ તો સ્ત્રી શક્તિનું સન્માન થયું ! પરંતુ હજી પણ રોજ બલાત્કાર કે અત્યાચારની ઘટના વિશે સાંભળવા મળે છે! એટલે દેવી પૂજા એ માત્ર મૂર્તિ રુપે જ.. ક્યાંક ઘર બહાર સુરક્ષિત તો ક્યાંક ઘરમાં શોષણ! ખેર! ભારતીય સંસ્કૃતિ પોતાની લગ્ન સંસ્થા પરંપરા માટે જાણીતી છે, અને એનું મુખ્ય કારણ મનુષ્ય એક સામાજિક પ્રાણી છે, અને તેને જીવવાં માટે બીજા એની જેવાં મનુષ્યનો સંગાથ હંમેશા જોઈએ, આથી લગ્ન સંસ્થા દ્વારા સમાજની રચના બહુ જરૂરી છે. ઉપરાંત ભારત એ વિધવિધ ભૌગોલિક લાક્ષણિકતાઓ ધરાવતો દેશ હોવાથી, અહીં સંસ્કૃતિઓ પણ પ્રાંત પ્રમાણે થોડી ઘણી જુદી પડે છે, એટલે કે ત્યાંની આબોહવા પ્રમાણે તેમનાં ખોરાક, પોષાક, ને આવાસ, હોય છે,તેમજ એ પ્રમાણે ત્યાં રહેતી પ્રજાનાં રિત રિવાજ અને તહેવાર વગેરે થોડાં જુદા પડે છે. પરંતુ મુખ્ય જે પૂર્વની સંસ્કૃતિની વાત છે, એટલે કે હિન્દુ સનાતન ધર્મની આપણે વાત કરીએ, તો અહીં મુખ્ય ચાર સ્તંભ પર આ સંસ્કૃતિનું નિર્માણ છે. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ, અને અતિથિ દેવો ભવ, એટલે કે પાયામાં આ સંસ્કાર હોવા બહુ જરૂરી છે. દરેક પોતાના ઘરની આર્થિક, શારીરિક, અને માનસિક, સદ્ધરતા પ્રમાણે જીવતાં હોય છે, અને મા-બાપ પોતાનાં સંતાનોને સારાં માં સારાં સુખ સગવડ મળે, તેમજ સારું શીખે, સારા સંસ્કાર પ્રાપ્ત કરે, એવું જીવન આપવા હંમેશા કાર્યરત રહેતા હોય છે. ભારતીય સંસ્કૃતિ માં એક સૌથી મહત્વની વાત એ છે, કે અહીં જીવની શારીરિક રચનાની સાથોસાથ આંતરિક રચના અને તેની માંગને મહત્વ આપીને તહેવારોને કે રીતિ રિવાજ ને પ્રાધાન્ય આપવામાં આવે છે, અને તેને ઉત્સવ બનાવી લોકો પોતાનું મનોરંજન પણ કરતાં હોય છે. ઉપરાંત તહેવારોને ધર્મ સાથે જોડીને ધાર્મિક ભાવના પણ સમાજમાં વધતી રહે, તે હેતુથી ઘણાં બધા તહેવારોની ઉજવણી કરાતી હોય છે. ભારતીય સંસ્કૃતિએ લગ્ન પરંપરાને પૂર્ણ ટેકો જાહેર કર્યો છે, તેમાં પણ જે રીતે લગ્ન કરીને સ્ત્રી પુરુષ નાં ઘરે જાય છે એ તો અદભૂત છે. આ બંને પરંપરાને કારણે ભારતીય સમાજ ટકી રહ્યો છે. લગ્ન એ આપણી સંસ્કૃતિનો ઉચ્ચ સંસ્કાર છે, અને એમાં પણ પુરુષના પ્રમાણમાં સ્ત્રી સહનશીલ હોવાથી અન્ય જગ્યાએ પણ ગોઠવાય જશે,એ હિસાબે સ્ત્રી પરણીને પુરુષનાં ઘરે જાય છે, અને નવાં ઘરમાં નવી ઓળખ ઊભી કરે છે. ગઈકાલે પિતાના નામે ઓળખાતી દીકરી, આજે કોઈની પુત્રવધુ, કોઈની પત્ની, અને કોઈ સંતાનોની માતાના નામે ઓળખાય છે. છતાં તેને એની કોઈ ફરિયાદ રહેતી નથી, અને પોતાના પ્રેમથી તે અહીં પણ બધાના દિલ જીતી લેતી હોય છે, અને આ આપણા સમાજનું એક બહુ મોટું લક્ષણ કહી શકાય.પરિવારમાં દરેક જણ સરખા હોતા નથી છતાં તે શાંતિ બની રહે તેવા પ્રયત્નો કરી, અને બધાની ઈચ્છાને માન આપીને જીવતી હોય છે. પુરુષ પણ પોતાના ભાગે આવેલું અર્થ ઉપાર્જન નું કાર્ય કરી પરિવારનું ભરણપોષણ કરતો હોય છે. અહીં દરેક પરિવાર પછી પોતાની રીતે પોતાનાં અનુભવ પ્રમાણે, નવી કર્મ, અર્થ, અને ધર્મ વિશેની નીતિઓ મુજબ જીવતા હોય છે. સમાજ સુચારુ રૂપે ચાલે એ માટે થઈને સમાજના આગેવાનો આ પરંપરાઓ જળવાઈ રહે છે, કે નહીં તેનું ધ્યાન રાખતાં હોય છે. આજકાલ તો કાયદાઓને નામે પણ ઘણા સુધારા થયા છે, અને તેમાં સૌથી મહત્ત્વનો સુધારો બાળ લગ્ન પ્રતિબંધનો છે. જે બતાવે છે કે સમય પ્રમાણે પરંપરાઓમાં પરિવર્તન પણ ક્યારેક જરૂરી હોય છે, અને આ પરિવર્તન નો વિચાર આજની યુવાપેઢીએ પકડી લીધો છે. કોઈ કોઈ પશ્ચિમનું અનુકરણ કરવા પ્રેરિત થાય છે, એટલે કે પશ્ચિમના દેશોમાં લગ્ન સંસ્થાને એટલું મહત્વ આપવામાં આવતું નથી. એટલે લગ્ન ત્યાં આગળ નથી થતા એવું નથી. પરંતુ લગ્ન કર્યા વગર પણ યુવક યુવતી સાથે જીવન ગુજારતા હોય છે, અને ન ફાવે તો છુટા પડી જતા હોય છે. તેમજ લગ્ન કર્યા બાદ પણ અનુકૂળ આવે નહીં તો છુટા પડી, બીજા લગ્ન કરતા હોય છે, આપણે ત્યાં આ બધું એટલું સહજ રીતે સ્વીકાર્ય થતું નહોતું, પણ આજકાલ ભારતીય સમાજ પણ આ બાબતમાં ઘણો આગળ આવી ગયો છે. સ્ત્રી શિક્ષણ, દીકરા-દીકરીના ભેદ, વિધવા વિવાહ, તેમજ અન્ય જ્ઞાતિગત દહેજ જેવા કુરિવાજો સામે પણ ટક્કર લઇ, અને આ બધી પરંપરાઓને જડમૂળથી કાઢવા કોશિશ કરી રહ્યો છે.તો મહાનગરોમાં યુવક-યુવતીઓ વિદેશી સંસ્કૃતિ પ્રમાણે લિવ ઈન રિલેશનશિપમાં પણ રહેતા જોવા મળે છે. સ્ત્રી એટલે કે યુવતીને ઘરમાંથી પૂર્ણ પ્રેમ, અને સંસ્કાર મળ્યા હોય તો, તે પોતાની મર્યાદાની રેખાનું ઉલંઘન કરતી નથી, અને તે ઘણી સમસ્યામાંથી બચી જાય છે.તો બીજીબાજુ લગ્ન સંસ્થામાં બંધાયેલી સ્ત્રી ઘરેલું હિંસાને નામે પીડાય છે, અને સ્ત્રી લાચાર હોય એવું બની શકે. એટલે આમ જુઓ તો આપણી આ પરંપરાઓ વિશે પાયામાં જઈને વિચારવું જરૂરી બની જાય છે. કારણ કે આજે શિક્ષણ ક્ષેત્રે સ્ત્રીઓએ નોંધપાત્ર તરક્કી મેળવી છે, અને તેમણે પણ પોતાનાં અસ્તિત્વને સિદ્ધ કરવા માટે જુદી જુદી રીતે ડગલા ભર્યા છે. ત્યારે અમુક સમાજની એવી કંઈ માનસિકતા છે, કે તે તેની સફળતાને સહજ રીતે મૂલવી શકતો નથી? સામાજિક સ્તરે જ્યારે પરંપરાઓને મૂલવવાની હોય, ત્યારે સાંચી દિશામાં ડગલા પડે તો વિકાસ થાય, એટલે આજે આપણે એવા મોડ પર આવીને ઊભા છીએ, કે જ્યાં આજનો યુવાન વિચારે છે કે એ લગ્ન કરે! કે લિવ ઇન રિલેશનશિપ રાખે! કે પછી કુંવારો રહી, બંધન મુક્ત ભોગ પ્રાપ્ત કરીને જીવન ગુજારે! પણ જો એને સાચી દિશા બતાવી હોય, તો સમાજના આગેવાનોએ આ વિશે વિચારી અને કોઈ તટસ્થ નિર્ણય કરવા પડે. લગ્ન વગર સાથે રહેવું એ આમ તો સામાજિક પાપ છે, અને એને કારણે અન્ય યુવાનો પણ આવું કરવા પ્રેરિત થાય, તો બહુ ભયંકર પરિણામો આવે, કારણ કે દરેકની વૈચારિક ક્ષમતા અલગ હોય છે, દરેકે દરેકનો ઇન્દ્રિયો પરનો સંયમ અલગ હોય છે, અને દરેકને શક્તિ, સહનશક્તિ, અને સંસ્કાર, એટલે કે ખાવું-પીવું ને પહેરવું, એ બધું પણ જ્ઞાતિગત રીતે અલગ પડતા, દરેક વખતે સ્વીકારી શકાતું નથી. આંતરજ્ઞાતિય લગ્ન કરનારાઓ આ સત્યને વધુ સમજી શકે, કારણ કે જે જ્ઞાતિ અને ધર્મ માં ઉછેર થયો હોય, તેના પોતાના અમુક રીતિ રિવાજો હોય છે, એટલે જ્ઞાતિ બદલાય, તો પણ ઘણીવાર રહેવું મુશ્કેલ બની જતું હોય છે.

આપણી સંસ્કૃતિ જ મહાન! એવું નહીં પણ કોઈ ઉદાહરણથી આજનાં યુવક યુવતીઓને આ વાત સમજાવી, લગ્ન એ જ ઉચ્ચ સંસ્કાર છે, અને એ રીતે યુવક યુવતીનું મિલન થાય, તો જ સમાજમાં શાંતિ બની રહે, અને સાચો વિકાસ થાય, એ સત્ય છે. પરંતુ કોઈ પણ પરંપરા જડ ન બને એ જોવું પણ જરૂરી છે.એટલે કે સ્ત્રી ને પુરુષ બંનેના મૂળ લક્ષણનુ પોષણ થાય એમ જીવવાની સ્વતંત્રતા બંને ને મળવી જોઈએ. આપણે સૌ પણ આપણા નૈતિક અને ધાર્મિક મૂલ્યોને સમજીને સમાજનો સાચો વિકાસ થાય, એ રીતે જીવન જીવીએ, અન્યને પ્રેરણા મળે, અને તેમાંથી સાચું અને સારું ગ્રહણ કરી શકીએ, તેવું આચરણ કરીએ, તેમજ સમાજમાં આપણાથી ક્યાંય કોઈનું શોષણ થતું નથી? એ વાતનું ધ્યાન રાખીએ, અને બને કેટલી બીજાને મદદ કરવાની વૃત્તિ કેળવીને જીવીએ, તો ખરેખર ભારતીય સમાજ એક સુંદર દ્રષ્ટાંત પૂરું પાડી શકે, એવી આપણી શુદ્ધને પવિત્ર પરંપરા ઓ છે,આ પરંપરા નું આપણા થકી જતન થાય, અને તેનું મુલ્ય વધે એ રીતે સૌ જીવે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

મિત્રો કોઇ છોકરીને ભગાડી જતાં છોકરીના સગાએ દગાથી ફોન કરી બોલાવ્યો ને તૂટી પડ્યા

મદદ માંગી પછી ઝાડવે બાંધી લમધાર્યો

મોઢુકાના યુવાનને ત્રણ શખ્સોએ જંગલ વિસ્તારમાં બોલાવી ફટકાર્યા પછી વાડીએ લઇ જઇ બાંધીને એવો માર્યો કે હોસ્પિટલના ખાટલે પહોંચવું પડ્યું

રાજકોટ તા. ૨૨

પારકા ડખ્ખાને કારણે માથાકુટની ઘટના અવાર-નવાર બનતી હોય છે. જેમાં એક યુવાનનો મિત્રો કોઇ છોકરીને લઇને જતો રહ્યો હોઇ આ છોકરીના સગાઓએ આ યુવાનને ખોટુ બોલી ફોન કરી જંગલમાં ગાડીમાં પંચર પડ્યું છે મદદ કરવા પાના પક્કડ લઇને આવ તેમ કહી બોલાવ્યા બાદ ત્યાં મારકુટ કર્યા પછી વાડીએ લઇ જઇ લીમડાના ઝાડ સાથે દોરડાથી બાંધી બેફામ ધોલધપાટ કર્યા બાદ ધમકી દઇ છોડી મુકતાં સારવાર માટે દાખલ થવાની નોબત આવી હતી.

વિગતો પર નજર કરીતે ઓ જસદણના વિંછયા તાબેના મોઢુકા ગામે રહેતાં યુવાનનો મિત્ર ગામની એક છોકરીને ભગાડી ગયો હોઇ આ મિત્રની માહિતી મેળવવા છોકરીના સગાએ આ યુવાનને ખોટો ફોન કરી જંગલ વિસ્તારમાં ગાડીમાં પંચર પડી ગયું છે, પાના પક્કડ લઇને મદદ માટે આવો તેમ કહેતાં આ યુવાન મદદ માટે જતાં તેને ત્રણ જણાએ ઢીકાપાટુનો માર માર્યા બાદ નજીકના જનડા કંધેવાડીયા ગામે વાડીએ લઇ જઇ લીમડાના ઝાડ સાથે રાંઢવાથી બાંધી બેફામ ધોલધપાટ કરી બાદમાં એક મેદાનમાં છોડી મુકતાં તે સારવાર માટે રાજકોટ દાખલ થતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર મોઢુકા ગામે રહેતાં બાવીસ વર્ષના મેહુલ સામતભાઇ શિયાળ નામના યુવાનને બપોરે ત્રણેક વાગ્યે જનડા કંધેવાડીયા ગામ પાસે જંગલ વિસ્તારમાં અને વાડીમાં એમ બે જગ્યાએ મુન્નો, મનસુખ, રતુ સહિતનાએ ઢીકાપાટુ અને ધોકાથી માર મારતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વિંછીયા પોલીસને જાણ કરી હતી. મેહુલ ચાર ભાઇ અને બે બહેનમાં નાનો છે અને અપરિણીત છે. તે પિતાને ખેતી કામમાં મદદરૂપ થાય છે. મેહુલે જણાવ્યું હતું કે મારો એક ભાઇબંધ ગૌતમ ગામની એક છોકરીને ભગાડી ગયો છે.

આ ભાઇબંધ વિશે મારી પાસે માહિતી છે તેવુ માનીને છોકરીના સગામાં થતાં મુન્નાએ મને મનસુખ મારફત ફોન કરાવ્યો હતો. મનસુખે ફોન કરી કહ્યું હતું કે તમારા પરિચીત મુન્નાભાઇએ નંબર દીધો છે, અમારી ગાડીમાં જંગલ વિસ્તારમાં પંચર પડ્યું છે, અમારે મદદની જરૂર છે. તમે પાના પક્કડ લઇને આવો.



મારામારીની બીજી ઘટનામાં દિકરાએ મા ઉપર શંકા કરી ડખ્ખો કર્યો લગ્ન કેમ કરાવી દેતી નથી કહી માર માર્યો ને ધમકી પણ દીધી!

હું મુન્નાભાઇએ ઓળખતો હોઉ અને તેના નામે ફોન આવ્યો હોઇ હું મદદ કરવા માટે જંગલ વિસ્તારમાં ગયો હતો.

ત્યારે ત્યાં મુન્નાભાઇ પોતે તેમજ તેની સાથે મનસુખ અને રતુ હતાં. આ ત્રણેયએ મને ગૌતમ વિશે માહિતી આપવાનું કહેતાં હું જાણતો નથી તેમ જણાવતાં ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદમાં ત્યાંથી મને જનડા કંધેવાડીયાની વાડીએ લઇ જઇ લીમડાના ઝાડમાં રાંઢવાથી બાંધી ફરીથી માર માર્યો હતો. છેલ્લે અમારા ગામ નજીક ટુર્નામેન્ટના મેદાનમાં મને છોડીને ભાગી ગયા હતાં. મેહુલની આ વાતને આધારે પોલીસે ખરેખર શું બન્યું? તેની તપાસ હાથ ધરી હતી. હાલ યુવાન રાજકોટ હોસ્પિટલના બિછાને સારવાર હેઠળ છે.

મારામારીની બીજી ઘટનામાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતાં વિધવા મહિલાના ચારીત્ર્ય પર તેના જ મોટા દિકરાએ શંકા કરી તું કેમ મારા લગ્ન કરાવી દેતી નથી? તેમ કહી ઢીકાપાટુનો માર મારી ધમકી આપતાં ચકચાર જાગી છે. આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા સોલવન્ટ ક્વાર્ટરમાં રહેતાં મુળ વિરપુર તરફના ગામના વતની ૪૧ વર્ષના મહિલાની ફરિયાદ પરથી તેના પચ્ચીસ વર્ષના દિકરા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું હાલ મારા માતા-પિતા સાથે રહુ છું અને ઘરકામ કરુ છું. પચ્ચીસ વર્ષ પહેલા મેં પ્રેમલગ્ન કર્યા હતાં. જેનાથી મારે બે દિકરા છે. જેમાં મોટો ૨૫ વર્ષનો અને બીજો નાનો દિકરો ૧૩ વર્ષનો છે.

મારા પતિ તેમજ મને અને દિકરાને રોગ થતાં મારા પતિ સાતેક વર્ષ પહેલા મૃત્યુ પામ્યા છે. હાલમાં હું અને નાનો દિકરો મારા માતા-પિતા સાથે રહીએ છીએ. મોટો દિકરો રાજકોટ કોઠારીયા સોલવન્ટ ક્વાર્ટરમાં એકલો રહે છે. પતિના અવસાન બાદ હું અહિ જ મોટા દિકરા સાથે રહેતી હતી. પણ છએક મહિનાથી આ દિકરો મારા પર શંકા વહેમ કરી ઝઘડા કરતો હોઇ જેથી હું નાના દિકરાને લઇ મારા માવતરે રહેવા જતી રહી હતી. પણ માવતરે સમજાવતાં ફરી હું રાજકોટ દિકરા સાથે ઘરના મકાનમાં રહેવા આવી ગઇ હતી.

દરમિયાન એક મહિના પહેલા હુ.રાતે ઘરે હતી ત્યારે મોટા દિકરાએ મારી સાથે ઝઘડો કરી કહેલું કે તારે અન્ય પુરૂષ સાથે સંબંધ છે, તું મારા લગ્ન કેમ કરી દેતી નથી? તેમ કહી ઢીકાપાટુનો માર માર્યો હતો અને જેમ ફાવે તેમ બોલી ગાળો દઇ ધમકી દીધી હતી કે કોઇને કહીશ તો જાનથી મારી નાંખીશ. આથી હું બીજા દિવસે ફરી મારા માવતરે જતી રહી હતી. આ બાબતે મારા ભાઇને વાત કરતાં તેણે ફરિયાદ નોંધાવવાનું કહેતાં હવે મેં ફરિયાદ નોંધાવી છે. તેમ મહિલાએ જણાવતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોનસ. આર. ડી. ડાંગરે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

DCP ઝોન-૨ રીડર શાખાના ASI કેતનગીરી ગોસ્વામીનું અવસાન

રૈયા હીલ ડ્રીમ સીટી ખાતે હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડ્યોઃ ગાર્ડ ઓફ ઓનર અપાયુંઃ ત્રણ બહેનના એક જ ભાઇ હતાંઃ પરિવારજનો, પોલીસબેડામાં ગમગીની



રાજકોટ તા. ૨૨

શહેર પોલીસમાં ફરજ બજાવતાં આસી સબ ઇન્સ્પેકટરનું હૃદય ધબકારા ચુકી જવાને કારણે અવસાન થતાં પોલીસબેડામાં અને પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. ડીસીપી ઝોન-૨ રીડર શાખામાં એએસઆઇ તરીકે ફરજ બજાવતાં ૫૧ વર્ષિય કેતનગીરી મનસુખગીરી ગોસ્વામી સવારે સાતેક વાગ્યે ઘરે હતાં ત્યારે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. કેતનગીરી ગોસ્વામી રૈયા હીલ ડ્રીમ સીટીમાં રહેતાં હતાં અને રાજકોટ શહેર પોલીસમાં હાલમાં ડીસીપી ઝોન-૨ રીડર શાખામાં ફરજ બજાવતાં હતાં. તેઓ ત્રણ બહેનના એકના એક વચેટ ભાઇ હતાં.

તેમને સંતાનમાં એક દિકરો છે. કેતનગીરી ગોસ્વામીએ પોલીસમાં ભરતી થયા બાદ સૌ પ્રથમ પ્ર.નગર પોલીસમાં ફરજ બજાવી હતી. બાદમાં મહિલા કોલેજ ચોકી, હેડક્વાર્ટરમાં ફરજ બજાવી હતી. છેલ્લા દસ વર્ષથી રીડર શાખામાં ફરજ પર હતાં. સવારે તેઓ ઘરે હતાં ત્યારે એકાએક છાતીમાં દુ:ખાવો ઉપડતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. બનાવની જાણ થતાં મોટી સંખ્યામાં પોલીસ કર્મચારી મિત્રો, પરિવારજનો, પોલીસ અધિકારીઓ હોસ્પિટલે પહોંચ્યા હતાં.

તેઓ પોતાના સરળ મળતાવડા સ્વભાવને કારણે મોટુ મિત્ર વર્તુળ ધરાવતાં હતાં અને પોલીસબેડામાં પણ ખુબ જ ચાહના ધરાવતાં હતાં. આ બનાવથી ગોસ્વામી પરિવાર અને પોલીસબેડામાં ગમગીની વ્યાપી ગઇ છે. પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી પુરી થયા બાદ મૃતદેહને તેમના નિવાસ સ્થાન ડ્રીમ સીટી ખાતે લઇ જવાયો હતો. અહિ બપોરે ત્રણ કલાકે ગાર્ડ ઓનર અપાયું હતું.

ચાર અલગ અલગ ઘટનાઓમાં યુવાનો, યુવતિ, બાળકની જિંદગી ખતમ

માસીને મળીને નીકળેલા યુવાનને કાળ ભેટ્યો

વિરપુર પાસે બાઇક સ્લીપ થતાં કોઠારીયા સોલવન્ટના યુવાનનું મોતઃ ભચાઉ પાસે અકસ્માતમાં યુવતિનો જીવ ગયો પાડાસણમાં ૪ વર્ષના બાળકના ગળામાં કંઇક ફસાતાં મોતઃ પોપટપરાનો યુવાન ભગવતીપરાની વાડીના કૂવામાં પડી જતાં મૃત્યુ

રાજકોટ તા. ૨૨

વાહન અકસ્માત અને અપમૃત્યુની વધુ ચાર ઘટનામાં યુવાનો, બાળકના મોત થયા હતાં. શહેરના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતાં યુવાનનું વિરપુર નજીક બાઇક સ્લીપ થઇ જવાને કારણે ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. તો અન્ય ઘટનામાં ભચાઉ પાસે ટ્રક અને બોલેરો અથડાતાં બોલેરોમાં બેસી મોગલ માતાના દર્શને જઇ રહેલા યુવતિનો જીવ ગયો હતો. ત્રીજી ઘટનામાં પાડાસણ ગામે એક બાળક રમતાં રમતાં ગળામાં કંઇક ફસાઇ જતાં બેભાન થઇ જતાં મોત થયું હતું. ચોથા બનાવમાં ભગવતીપરાની વાડીના કૂવામાં પડી જતાં પોપટપરાના યુવાનનું ડૂબી જવાથી મોત થયું હતું.

પ્રથમ ઘટના જોઇએ તો કોઠારીયા સોલવન્ટમાં રહેતો પચ્ચીસ વર્ષનો ગોપાલભાઇ અશોકભાઇ માંગરોળીયા નામનો યુવાન બે દિવસ પહેલા રાજકોટથી બાઇક હંકારી વિરપુર માસીના ઘરે કામ માટે ગયો હતો. ત્યાંથી રાત્રીના સાડા અગીયારેક વાગ્યે પરત રાજકોટ આવવા નીકળ્યો ત્યારે વિરપુર ઓવર બ્રીજ નજીક તેનું બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં વિરપુર, જુનાગઢ સારવાર અપાવી રાજકોટ ખસેડાયો હતો. અહિ મૃત્યુ થયું હતું. વિરપુર પોલીસ સ્ટેશનના હેડકોનસ. ગીરીરાજભાઇ વાઘેલાએ જરૂરી કાર્યવાહી કરી હતી. યુવાન દિકરાના મોતથી પરિવારમાં શોક છવાઇ ગયો છે.

બીજી ઘટના જોઇએ તો કચ્છના ભચાઉ નજીક ટ્રકે બોલેરોને ઉલાળી દેતાં તેમાં બેસી મોગલ માતાના દર્શને જઇ રહેલા પાટણના સાંતલપુરના વૈવા ગામના દર્શનાર્થીઓને નાની મોટી ઇજા થઇ હતી. જે પૈકી એક યુવતિને ગંભીર ઇજા થતાં સારવાર દરમિયાન રાજકોટમાં દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇગયો હતો. પાટણના વૈવા ગામે રહેતાં આહિર પરિવારના લોકો કચ્છ ગાંધીધામમાં મોગલ માતાના દર્શને બોલેરોમાં બેસીને વીસમી તારીખના રોજ જઇ રહ્યા હતાં ત્યારે બપોરે સાડા બારેક વાગ્યે ભચાઉ નજીક ખારઇ રોડ પર બોલેરો સાથે ટ્રક અથડાતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં પરિવારના લોકોને ઇજા થઇ હતી. જે પૈકી અઠ્ઠાવીસ વર્ષના આશાબેન નાગદાનભાઇ આહિરને ગંભીર ઇજા થતાં ભચાઉ, ગાંધીધામ સારવાર અપાવી રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ સવારે દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભચાઉ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર આશાબેન પાંચ ભાઇ અને બે બહેનમાં બીજા નંબરે હતાં.

ત્રીજા બનાવમાં તાલુકાના પાડાસણ ગામે રહી ખેત મજૂરી કરતાં મુળ મધ્યપ્રદશેના દંપતિના ૪ વર્ષના બાળકનું રમતાં રમતાં ગળામાં કંઇક ફસાઇ ગયા બાદ મૃત્યુ થતાં



પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. આ ઘટનામાં બાળકના ગળા પર કાળો ડાઘો થઇ ગયો હોઇ પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. પોલીસે જણાવ્યું કે પાડાસણ ગામે અશોકભાઇ શામજીભાઇ પટેલની વાડીમાં રહેતાં મુળ મધ્યપ્રદશેના ધાર જીલ્લાના ગામડાના વતની રાજેશ પુશલીયાભાઇ દેહડીયાનો દિકરો કાર્તિક કે જે ૪ વર્ષનો હતો તે બપોર બાદ વાડીમાં તેના ફઇના દિકરા ૬ વર્ષના શુભમ પિન્ટુભાઇ મહેતો સાથે રમતો હતો. આ દરમિયાન કાર્તિક અચાનક ગળામાં કંઇક ફસાઇ ગયું તેમ કહેવા માંડતા શુભમે તેના પિતાને જાણ કરી હતી.

પરિવારજનોએ ગળામાં કંઇક ફસાયુ હોય તો નીચે ઉતરી જાય કે બહાર નીકળી જાય એમ સમજી ગળા પર હાથેથી જોર કર્યુ હતું. આ દરમિયાન કાર્તિક બેભાન જેવો થઇ જતાં સારવાર માટે ખસેડ્યો હતો. પરંતુ તેનુ મોત થયું હતુ. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર કાર્તિક એક બહેનથી નાનો અને માતા પિતાનો એકનો એક લાડકવાયો હતો. ગળામાં શું ફસાઇ ગયું? મોત કયા કારણે થયું? તેની તપાસ પોલીસે યથાવત રાખી હતી.

ચોથા બનાવમાં પોપટપરામાં રહેતાં યુવાનનું ભગવતીપરામાં વાડી ખાતે આવેલા પાણીના પ્લાન્ટ પાસે કૂવામાં પડી જતાં મોત થયું છે. અહિ તે પક્ષીના કુંડામાં પાણી ભરતો હતો ત્યારે પગ લપસી જતાં બનાવ બન્યાનું સામે આવ્યું હતું. પોપટપરામાં મેઇન રોડ પર સબ સ્ટેશન નજીક વિનુભાઇના દવાખાના પાસે રહેતો રવિભાઇ રમેશભાઇ વરાણીયા નામનો ચાલીસ વર્ષનો યુવાન ભગવતીપરામાં એચપી પંપ પાસે આવેલી વાડીએ પાણીના પ્લાન્ટ ખાતે મજૂરી કરવા ગયો ત્યારે ત્યાં કૂવામાં પડી જતાં ડૂબી જવાથી મોત થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બી-ડિવીઝનના પીએસઆઇ ભગોરાએ જરૂરી કાર્યવાહી કરી હતી.

મૃત્યુ પામનાર રવિભાઇ કારખાનામાં કામ કરતો હતો. બુધવારે રજા હોઇ એક દિવસ માટે મજૂરી કરવા ભગવતીપરાની વાડીના પાણીના પ્લાન્ટ ખાતે ગયો હતો. જ્યાં કૂવા નજીક પક્ષીના પાણીના કુંડા ભરતી વખતે બનાવ બન્યો હતો. આમ ચાર ઘટનામાં ચાર પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

હાલના મિત્ર સાથે જુના મિત્રોને માથાકુટ થઇ હોઇ બંનેને સાથે રહી જુના મિત્રો પાસે માફી મંગાવડાવી એમાં ડખ્ખો થયો

તું ભેગો થા એટલે છરીના ઘા મારીશ : મિત્રની ધમકી

બાલમુકુંદ સોસાયટીના પ્રૌઢને પોલીસ સ્ટેશનના દરવાજે જ મેંજકા રહેતાં જુના મિત્રએ ધમકી દીધીઃ યુનિવર્સિટી પોલીસે એફઆઇઆર દાખલ કરી : બીજી ઘટનામાં લક્ષ્મણ ટાઉનશીપ પાસે જુના મનદુઃખમાં ફ્લોર મીલ સંચાલક પર હુમલો થયો

રાજકોટ તા. ૨૨

જુની નવી દોસ્તીમાં ઘણીવાર નહિ જેવી વાતે દરાર પડી જતી હોય છે અને બાદમાં વાત ડખ્ખે ચડી જતાં પોલીસ સુધી મામલો પહોંચતો હોય છે અને દોસ્ત દુશ્મન બની જતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટમાં બની હતી. જેમાં નિર્મલા રોડ પર રહેતાં વૃધ્ધના એક મિત્ર સાથે તેના બીજા બે જુના મિત્રો એવા સગા ભાઇઓને માથાકુટ થતાં આ વૃધ્ધ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે મિત્ર સાથે જતાં અને જુના બે મિત્રો પાસે માફી મંગાવડાવી સમાધાન કરાવતાં આ વાતનો ખાર રાખી બે પૈકીના એક ભાઇએ પોલીસ સ્ટેશનના ગેઇટ પાસે જ આ વૃધ્ધને કેમ અમારી મેટરમાં વચ્ચે પડ્યા અને બેય ભાયુ પાસે માફી મંગાવડાવી? હવે આ મેટર સાઇડમાં રહી ગઇ, તું ભેગો થા એટલે છરીના ઘા મારી પતાવી દેવો છે તેવી ધમકી આપતાં જુની દોસ્તીમાં દરાર પડી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે નિર્મળા રોડ પર બાલમુકુંદ સોસાયટી-૩/૮ ખાતે રહેતાં સતાવન વર્ષના કેતનભાઇ હેમતલાલ જોષીની ફરિયાદ પરથી તેમના જ જુના મિત્ર મુંજકા ગામના હરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. કેતનભાઇ જોષી પત્નિ પ્રફુલાબેન, દિકરા કિશન સાથે રહે છે અને નિવૃત જીવન જીવે છે. બીજો દિકરો વિદેશમાં છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે વીસમીએ રાતે સવા અગીયારેક વાગ્યે હું મારા મિત્ર જતીનભાઇ દવે સાથે યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ગયો હતો.

તેમણે આગળ કહ્યું કે જતીનભાઇને અમારા જુના મિત્રો વિજયસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા અને હરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા સાથે ઝઘડો થયો હતો. આથી મેં વચ્ચે રહી મારા મિત્ર જતીનભાઇ અને વિજયસિંહ તથા હરેન્દ્રસિંહ સાથે સમાધાન



કરાવ્યું હતું. આ સમાધાનના ભાગ રૂપે મેં વિજયસિંહ અને હરેન્દ્રસિંહ પાસે જતીનભાઇ દવેની માફી મંગાવડાવી હતી. આ પછી અમે બધા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ગેઇટથી બહાર નીકળીને ઉભા હતાં ત્યારે હરેન્દ્રસિંહ એકદમ ઉશ્કેરાઇ ગયેલા અને કેમ અમારી મેટરમાં વચ્ચે પડીને બેય ભાયુ પાસે મંગાવડાવી? કહી મને ગાળો દેવા માંડ્યા હતાં.

તેમજ એવુ પણ કહ્યું હતું કે જતીનભાઇ દવેની મેટર હવે સાઇડમાં રહી ગઇ, હવે તું મને મળજે અને ભેગો થા એટલે છરીના ઘા મારી જાનથી મારી નાંખવો છે તેમ કહી ધમકી દીધી હતી. આમ કહી હરેન્દ્રસિંહ જતાં રહ્યા હતાં. રાતનો સમય હોવાથી હું પણ ઘરે જતો રહ્યો હતો. બાદમાં સવારે ફરિયાદ કરી હતી. તેમ વધુમાં કેતનભાઇ જોષીએ જણાવતાં પોલીસ ઇન્સપેકટર કે. કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એએસઆઇ જે. એચ. જોગડાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દોસ્તીમાં દરાર પડ્યાની અને પોલીસ સ્ટેશનના દરવાજે જ મિત્રને જુના મિત્રએ ધમકી આપ્યાની આ ઘટનાએ ચર્ચા જગાવી હતી.

મારામારીની વધુ એક ઘટનામાં કાલાવડ રોડ ક્રિસ્ટલ મોલ પાસે રહેતાં પચાસ વર્ષના રીખવભાઇ નટવરલાલ ચનીયારા નામના પચાસ વર્ષના પ્રૌઢ સાંજે સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક લક્ષ્મણ ટાઉનશીપ પાસે શોપીંગ સેન્ટર નજીક દ્વારકાધીશ પાન પાર્લર નામની દૂકાન પાસે હતાં ત્યારે આ વિસ્તારમાં રહેતાં એક મરાઠી શખ્સ સહિતનાએ ઝઘડો કરી ઢીકાપાટુનો બેફામ માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં.

વધુ માહિતી અનુસાર રીખવભાઇ પરિવાર સાથે રહે છે અને ફ્લોર મીલ ચલાવે છે. તેમના કહેવા મુજબ અગાઉ એકદ વર્ષ પહેલા તેમની મીલ પર એક મરાઠી શખ્સ સહિતના આવ્યા હતાં અને માથાકુટ કરી મીલ ચાલુ રાખવી હોય તો પૈસા દેવા પડશે તેમ કહેતાં જે તે વખતે તેમના પત્નિ મીલ પર હોઇ તેમને ફરિયાદ કરી હતી. આ બાબતનો ખાર રાખી હુમલો કરાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી.

સાયબર ગઠીયાઓ ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ સતત આચરી રહ્યા છે ફ્રોડ

બે યુવાનના ફોન હેક કરી બેંક ખાતા ખાલી

એક યુવાને પત્નિ સાથે બજારમાં નૂડલ્સ ખાઇ ઓનલાઇન પેમેન્ટ કર્યા બાદ ફોન હેક થયો અને રૂપિયા ગયા: બીજામાં ફોન અપડેટનો મેસેજ આવતાં લિંક ક્લીક કરી, ઓટો અપડેટ થયું અને બેંકમાંથી રૂપિયા ગયા

રાજકોટ તા. ૨૨

સાયબર ગઠીયાઓ સતત મોબાલઇ ફોન હેક કરી બેંક ખાતા ખાલી રહ્યા છે. અલગ અલગ લિંક મોકલી તેના થકી ફોન હેક કરી ઠગાઇ કરવામાં આવતી હોય છે. આવા વધુ બે બનાવમાં એક યુવાનના એકોતેર હજાર અને બીજાના નેવુ હજાર ઉપડી ગયા હતાં. આ બંને કિસ્સા અલગ અલગ શહેર-વિસ્તારના હતાં. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી. જેમાં એક યુવાન બજારમાં પત્નિ સાથે ગયો ત્યારે ચાઇનીઝ નૂડલ્સ ખાઇ ઓનલાઇન ગૂગલપેથી પેમેન્ટ કર્યુ હતું. બાદમાં ઘરે પહોંચ્યો ત્યારે તેના ફોનમાંથી નેવુ હજારના ટ્રાન્જેકશન થઇ ગયાની ખબર પડી હતી. બીજા કિસ્સામાં ફોન ઓટો અપડેટ મોડમાં આવી ગયો હતો અને હેક થયા બાદ બેંક ખાતામાંથી રૂપિયા ગાયબ થઇ ગયા હતા.

પ્રથમ ઘટના જોઇએ તો વડોદરા નજીક પોર રમણગામડીમાં રહેતા નરેશ રાઠવા નામનો યુવાન સાયબર છેતરપિંડીનો ભોગ બન્યો હતો. ગઠિયાઓએ તેનો ફોન હેક કરીને ગુગલ પે દ્વારા તેના બેંક ખાતામાંથી ૯૦,૦૦૦ રૂપિયા ઉપાડી લીધા હતા. જ્યારે નરેશ બજારમાં ખરીદી કરવા ગયો હતો ત્યારે તેની સાથે આ ફ્રોડ થઇ ગયુ હતું. તેણે વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. વડોદરા નજીક પોર રમણગામડીમાં રહેતા યુવાનનો ફોન અચાનક હેક થયા બાદ સાયબર ગઠિયાઓએ ગુગલ પેમાંથી બારોબાર નેવુ હજાર તફડાવ્યા હતાં.

વધુ માહિતી અનુસાર છોટાઉદેપુર જિલ્લાના ખેરકા ગામના મૂળ વતની પરંતુ હાલ રમણગામડીમાં દૂધ ડેરીની બાજુમાં રહેતા નરેશ રણછોડ રાઠવાએ વરણામા પોલીસ સ્ટેશનમાં નોધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું પોર જીઆઇડીસીની કંપનીમાં નોકરી કરું છું. હું મારી પત્નિસાથે બજારમાં ખરીદી કરવા ગયો



હતો. બાદમાં ચાઇનીઝ ખાઇ જ્યૂસ પીધું તેનું પેમેન્ટ મેં ગુગલ પેથી કર્યું હતું. રાત્રે હું ઘેર આવ્યો ત્યારે મારો ફોન બંધ થઇ ગયો હતો. બાદમાં હું ઘી ગયો હતો અને રાત્રે બે વાગે ઠીને ચેક કરતા ફોન ચાલું થયો હતો. મેં ગુગલ પેની હિસ્ટ્રી તપાસતા નેવુ હજારના ત્રણ ટ્રાન્ઝેકશનો મારા બેન્કના એકાઉન્ટમાં કપાઇ ગયા હોવાનું જણાયું હતું. બીજા દિવસે બેન્કમાં જઇને તપાસ કરી હતી અને બાદમાં સાયબર હેલ્પલાઇનમાં ફરિયાદ નોધાવી હતી. ઉપરોક્ત વિગતોના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટના જોઇએ તો આજવારોડના સાહિલ મનસુરીનો મોબાઇલ હેક કરી, અજાણ્યા ઠગોએ તેમના બેંક ખાતામાંથી ૭૧,૦૦૦ રૂપિયા ઉપાડી લીધા. સિસ્ટમ અપડેટના બહાને ફોન હેક થયો હતો. સાહિલને પૈસા કપાયાના મેસેજ મળતા જ છેતરપિંડીનો ખ્યાલ આવ્યો. આ અંગે પાણીગેટ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આજવારોડના યુવકનો મોબાઇલ હેક કરીને તેના બેન્ક એકાઉન્ટમાંથી આરોપીઓએ ૭૧ હજાર ટ્રાન્સફર કરી લીધા હતા. જે અંગે પાણીગેટ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર આજવા રોડ,મેમણ કોલોની નજીક મિન્હાસ પાર્કમાં રહેતા સાહિલ સલીમભાઇ મનસુરીએ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત તારીખ ૧૧/૧૦/૨૦૨૬ના રોજ સવારે આશરે પોણા ૧૦ વાગ્યે હું નોકરી પર હતો, ત્યારે મારી પત્ની રઝીયાબાનુને ફોન કરવા માટે મેં મારો મોબાઇલ ફોન હાથમાં લીધો હતો. તે સમયે મારો ફોન અચાનક આપોઆપ સિસ્ટમ અપડેટ થવા લાગ્યો અને ઓટોમેટિક ચાલુ થઈ ગયો હતો. ત્યારબાદ તરત જ મારા મોબાઈલ પર બેંક ખાતામાંથી નાણાં કપાઈ ગયાના મેસેજ આવવા લાગ્યા હતા. અજાણ્યા ઇસમે મારા બેંક ખાતામાંથી કુલ રૂ. ૭૧,૦૦૦ મારી જાણ બહાર ઉપાડી લીધા હતા. આમ વધુ બે ઓનલાઇન ઠગાઇ આચરી ગઠીયાઓ ફૂલ નહિ તો ફુલની પાંખડી મુજબ નેવુ હજાર અને એકોતેર હજાર ઉસેડી ગયા હતાં.



કાલાવડ રોડ સીઝન હોટેલમાં

ગરબા રમવા ગયેલા યુવાનનું ૪.૬૫ લાખનું બાઇક ઉપડી ગયું

રાજકોટ તા. ૨૨

ઉઠાવગીરો અવાર-નવાર વાહનો ઉઠાવી જતાં હોય છે. દરમિયાન શહેરમાં નવરાત્રી વખતે થયેલી વાહન ચોરીની ઘટનામાં હવે ફરિયાદ દાખલ થઇ રહી છે. કાલાવડ રોડ પર આવેલી હોટેલ સિઝન બહારથી એક યુવાનનું રૂા. ૪,૬૫,૭૦૦ની કિંમતના રોયલ એનફીલ્ડ જીટી-૬૫૦ બાઇકની ચોરી કરી જવામાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. વિગતો જોઇએ તો કાલાવડ રોડ પર કોસ્મોપ્લેક્સ પાછળ આવેલ અનમોલ-૧૦૨ હાઇટ્સમાં ભાડેથી રહેતા અને ફોટોગ્રાફીનો વ્યવસાય કરતા જસવંત માનસિંગભાઇ બાંભણિયા નામના પચ્ચીસ વર્ષના યુવાન ચૌદમીએ રાત્રિના સમયે પોતાના મિત્ર સાથે સિઝન હોટેલ ખાતે યોજાયલ એમજીએમ નવરાત્રીમાં ગરબા રમવા ગયા હતા.

તે વખતે તેમણે પોતાની રોયલ એનફીલ્ડ કોન્ટિનેન્ટલ જીટી ૬૫૦ જીજે૦૩એકફ્યુ-૮૮૨૮ હોટેલના મેઇન ગેટ બહાર અવધ રોડની સામે રસ્તાથી નીચે પાર્ક કરી હતી. રાત્રિના આશરે સાડા અગિયાર વાગ્યે બાઇક પાર્ક કર્યા બાદ બંને ગરબા રમવા અંદર ગયા હતા. બાદ ૧૩મીએ વહેલી સવારે આશરે સાડા ત્રણ વાગ્યાના સુમારે જ્યારે તે ગરબા રમીને બહાર આવ્યા, ત્યારે પાર્કિંગની જગ્યા પરથી તેમની બાઇક ગાયબ હતી. તેમણે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી અને મિત્ર વર્તુળની મદદથી તપાસ હાથ ધરી હતી. પરંતુ બાઇકનો ક્યાંય પત્તો ન મળતાં આખરે પોલીસને જાણ કરી હતી. આ બાઇક તેણે પોતાના નામની લોન પાસ ન થવાને કારણે મિત્ર મિહીરભાઇ વિઠ્ઠલપરાના નામે ખરીદી હતી. જેના નિયમીત હપ્તા તે ભરે છે. એએસઆઇ જે.એચ. જાડેજાએ ફરિયાદ નોંધી તપાસ આરંભી હતી.

સામાન્ય રીતે વીકિન્ડમાં ત્રાટકતી પોલીસ અચાનક રોડ પર ઉતરી આવતાં ગુનેગારોમાં ફફડાટ

દારૂ પીધેલા, છરી સાથે ૫૧ ઝબ્બે

ઠેકઠેકાણે શહેરભરની પોલીસે ઉચ્ચ અધિકારીઓની સુચનાથી ચેકીંગ ડ્રાઇવ યોજી કેસ કર્યા

રાજકોટ તા. ૨૨

શહેરમાં આમ તો પોલીસ શની રવિ બે દિવસ ડ્રાઇવ યોજી નશાખોરોને તેમજ છરીઓ લઇને નીકળનરાઓને પકડીને કાર્યવાહી કરે છે. પણ બુધવારે અચાનક જ આગામી તહેવારને લઇને ડ્રાઇવ યોજી નાંખી હતી. જેમાં પોલીસે દારૂ પી વાહન હંકારી નીકળેલા ચોવીસને, છરી લઇને નીકળેલા પંદરને અને દારૂ સાથે મહિલા સહિત છને પકડ્યા હતાં. તેમજ દારૂ પી પગપાળા નીકળેલા પણ છ જણા ઝડપાઇ ગયા હતાં. આમ કુલ એકાવન શખ્સોને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું હતું.

વિગતો જોઇએ તો એ-ડીવીઝન પોલીસે ટાગોરરોડના છેડેથી ઇશાન રાહુલભાઇ ગૌસ્વામીને , રામનાથ પરામાંથી ઇદ્રીશ અલીભાઇ શેખને, જુની જેલના જાપા પાસેથી મનસુખ બચુભાઇ બારૈયાને, સિવિલ હોસ્પિટલ ચોકમાંથી આકાશ રાજુભાઇ ગુરૂનાણીને, બી-ડીવીઝન પોલીસે કેસરી પુલ નીચેથી કમલેશ બાબુભાઇ સોલંકીને, પેડક રોડ પર સેટેલાઇટ ચોક પાસેથી સંદીપ માવજીભાઇ મોટાણીને, કુવાડવા રોડ પોલીસે નવાગામ આણંદપર પાસેથી માનસુખ રઘુભાઇ મેટાળીયને પકડ્યા હતાં.

તેમજ નવા ગામ ઘોડાઉન રોડ પરથી ધર્મેન્દ્ર જવાહરલાલ શર્માને રૂડા ટ્રાન્સપોટનગરમાંથી અજય ધર્મેન્દ્રભાઇ પ્રજાપતિને, દેવનગરના ઢોરા પાસેથી ક્રિપાલ બાબુભાઇ દેવાતકાને, ભકિત નગર પોલીસે ઢેબર રોડ નારાયણનગર પાસે થી પરેશ જેરામભાઇ બુસાને, દેવપરા ચોક શાકમાર્કેટ પાસેથી અશ્વીન મનસુખભાઇ ધાડવીને થોરાળા પોલીસે ૮૦ ફૂટ રોડ પરથી રવી કિશોરભાઇ માનસુરીયાને, પ્ર.નગર પોલીસે ગાયકવાડીમાંથી સુનીલ પરસોતમભાઇ સાવલાણીને બહુમાળી ભવન ચોક પાસેથી કરણ પરસોતમભાઇ વાણેકીયાને, ગાંધીગ્રામ પોલીસે છોટુનગર મેઇન રોડ પરથી ભીમ બહાદુર મોનસીંગ વિશ્વકર્માને, શીતલપાર્ક મેઇન રોડ પરથી સોહીલ સિકંદરભાઇ ખીરાને પકડીલીધા હતાં.

જ્યારે યુનિવર્સિટી પોલીસે યુનિવર્સિટી રોડ પર કિડની હોસ્પિટલ પાસેથી અનીલ આમભાઇ સોલંકીને આકાશવાણી ચોકમાંથી અનીલ દનેશીભાઇ માડલયાને, માલીવીયાનગર પોલીસે નાના મવા, મેઇન રોડ પરથી સુખદેવસિંહ જામભાઇ જાડેજાને તાલુકા પોલીસે કાલાવડ રોડ પર એ.જી. ચોક નજીકથી રમેશ ધજાભાઇ કાઇનીને આજી ડેમ પોલીસે કોઠારીયા ગામના ગેઇટ પાસેથી મયુર રમેશભાઇ વાઘેલાને, સાંઇબાબા સર્કલ પાસેથી સુનીલ પ્રવિણભાઇ જલીયાને યુનિવર્સિટી પોલીસે આકાશવાણી ચોક પાસેથી મયુર કાંતીભાઇ સોલંકીને પકડી લીધા હતા.

આ ઉપરાંત એ-ડીવીઝન પોલીસ રામનાથપરામાં ભવાનીનગરમાંથી રાજુકુમાર મલીકને, લોહાનગરમાંથી પ્રવિણ રત્નાભાઇ ચૌહાણને, ત્રિકોણબાગ પાસેથી દાનીશ જુ બેરાભાઇ દસાણીયાને, ગરૂડ ગરબી ચોક પાસેથી સહાડેબ હેમબરામ બૈદ્યનાથ



હેલરામને, જીલ્લા ગાર્ડન ચોક પાસેથી જયદેબ વેસરા ભવર વેસરાને, પ્ર.નગર પોલીસે જામટાવર ચોક પાસેથી સંજય રાજુભાઇ પરમારને રૂખડીયાપરામાંથી ગણેશ કારીભાઇ સાહજાને પકડ્યા હતા.

તેમજ ગાંધીગ્રામ પોલીસે ઘંટેશ્વર ૨૫ વારીયા પાસેથી ફારૂક બસીરભાઇ મલેકને, યુનિવર્સિટી પોલીસે રૈયાધારમાંથી સાગર નાગજીભાઇ ઘુરકાને, માલવીયાનગર પોલીસે કે. કે. વી. ચોક, પાસેથી ધર્મેશ સુરેશભાઇ રત્નેશ્વરને, બી ડીવીઝન પોલીસે મોરબી રોડ પરથી દિપક ભરતભાઇ સરવૈયાને, આજી ડેમ પોલીસે સરધાર ગામેથી મનસુખ નાનજીભાઇ પરમારને, તાલુકા પોલીસે કાલાવડ રોડ પર એ. જી. ચોક પાસેથી હકીમ ઇસ્માઇલભાઇ બુકેરાને, રપીડેવલ ચોક પાસેથી વિય હંસરાજભાઇ રાઠોડને, વાવડી ગામ મેઇન રોડ પરથી હુસેનઅલી ગુલેબભાઇ ફકીરને પકડી લીધા હતાં.

જ્યારે દારૂના દરોડા જોઇએ તો એ. ડીવીઝન પોલીસે ટાગોર રોડના છેડેથી દિનેશભાઇ ભુરાભાઇ પરમારને, બી ડીવીઝન પોલીસે પેડક રોડ પર સેટ લાઇટ ચોક પાસેથી કલ્પેશ અમૃતલાલ અંબાસણાને, કુવાડવા પોલીસે નવાગામ ગોડાઉન પાસેથી ફૂલ સદામ બ્રીજ પાસે, ભકિતનગર પોલીસે સોરઠીયાવાડી સર્કલ નજીકથી રાજેશ નરશીભાઇ કાકડીયાને અને શૈલેષ નરશીભાઇ કાકડીયાને, ગાંધીગ્રામ પોલીસે રૈયા રોડ પર હનુમાનમઢી ચોક પાસેથી બળવંત રમેશભાઇ ચૌહાણને પકડી કાર્યવાહી કરી હતી.બી ડીવીઝન પોલીસે ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી સુભાષ પ્રવિણભાઇ ગોહેલને ૩ લીટર દેશી દારૂ સાથે, કુવાડવા પોલીસે નવાગામ આણંદપર પાસેથી મધુબેન સવજીભાઇ રાઠોડને ૩ લીટર સાથે, માલીયાસણ-બેડી બાયપાસ રોડ પરથી અસ્મીતાબેન પ્રવીણભાઇ વરદોરીયાને ૬ લીટર સાથે, પ્ર.નગર પોલીસે કિટીપરા રોડ પરથી યોગેશ રઘુભાઇ ચૌહાણને ૩ લીટર સાથે, યુનિવર્સિટી પોલીસે રૈયા ધાર મફતીયાપરામાંથી સોનલબેન સાગરભાઇ ગોરસીયાને ૬ લીટર સાથે, અને માલવીયાનગર પોલીસે પુનીતનગર પાણીના ટાંકા પાસેથી હરસુખ રાયાભાઇ પરમારને ૧૨ લીટર દેશી સાથે સાથે પકડી લીધો હતો.

આ ઉપરાંત આજીડેમ પોલીસે ઉમેશ લાલસીંગ ગોડ સામે ઓરડી ભાડે આપી પોલીસને જાણ નહીં કરવા બદલ, આજીડેમ ચોકડી પાસે કાર અડચણરૂપ પાર્ક કરવા બદલ દેવજીભાઇ સાકરીયા સામે અને કારખાનામાં કામ પર રાખેલા કર્મચારીને પોલીસને જાણ નહીં કરવા બદલ દર્શીત પરેશભાઇ અનડકટ સામે ગુના દાખલ કરી કાર્યવાહી કરી હતી.

બાબુએ સતીયા નામના કર્મી સાથે ડખ્ખો કરતાં તેને હરેશભાઈએ રૂમ ખાલી કરવાનું કહ્યું એટલે તપી ગયો

ડ્રાઇવરે બીજા ડ્રાઇવરને ધોકો મારી જિંદગી હણી

હરિપર પાળમાં હત્યાના કલાકોમાં જ પોલીસ ઇન્સપેકટર એમ. જે. પરમારે આરોપી બાબુને દબોચી લીધો

રાજકોટ, તા. ૨૨

લોકો નહિ જેવી વાતે એક બીજાના જીવ લઇ લેતાં હોવાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. વધુ એક હત્યા થઇ હતી. જેમાં રાજકોટના લોધીકા પાસેના હરિપર પાળ ગામે ટ્રાન્સપોર્ટ કંપનીમાં ડ્રાઇવર તરીકે નોકરી કરતાં પ્રૌઢને આ જ પેઢીના અન્ય કર્મચારીએ માથા મોઢા પર ધોકા ફટકારી મોતને ઘાટ ઉતારી દીધા હતાં. હુમલો કરનારે બીજા એક કર્મચારી સાથે માથાકુટ કરી હોઇ જેથી હત્યાનો ભોગ બનેલા પ્રૌઢે તેને ઠપકો દઇ રૂમ ખાલી કરવાનું કહી દીધુ હતું. આ વાતનો ખાર રાખી તેનો જીવ લઇ લીધો હતો. મેટોડા પોલીસે ઘટનાની ગણતરીના કલાકોમાં આરોપીને દબોચી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ જીલ્લામાં હત્યાની વધુ એક ઘટના બની હતી. લોધીકા તાબેના હરિપર પાળ ગામે સુપેક કારખાનાની દિવાલ પાસે ટ્રાન્સપોર્ટ કંપનીના ડ્રાઇવર એવા પ્રૌઢને આ પેઢીના જ અન્ય કર્મચારીએ આંતરી માથા, મોઢા પર ધોકા કે કોઇ બીજા સાધનથી ઘા ફટકારી હત્યા કરી નાંખતા ચકચાર જાગી છે. હત્યા કરનારાએ અન્ય એક કર્મચારી સાથે ઝઘડો કર્યો હોઇ જેથી હત્યાનો ભોગ બનનાર પ્રૌઢે તેને ટ્રાન્સપોર્ટ કંપનીનો રૂમ ખાલી કરી જતાં રહેવાનું કહ્યું હોઇ તેનો ખાર રાખી હત્યા કરી નાંખ્યાનું ખુલ્યું હતું. આ બનાવમાં મેટોડા પોલીસે હત્યાનો ભોગ બનેલા બાવન વર્ષના હરેશભાઇ અમરશીભાઇ દાફડાના નાના ભાઇ પડધરી તાબેના મેટોડામાં સરપદડ રોડ પર રહેતાં અને જેસીબીનું ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં રતિલાલ અમરશીભાઇ દાફડા (ઉ.વ.૪૨)ની ફરિયાદ પરથી હરિપર પાળ ગામે ભાવેશભાઇ રાઠોડની ઓરડીમાં રહેતાં બાબુ ચુડાજી ઠાકોર સામે હત્યાનો ગુનો નોંધી તેને પકડી લીધો હતો.

વધુ માહિતી જોઇએ તો આ બનાવમાં ફરિયાદ લખાવતાં રતિલાલ દાફડાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને મારા પિતાજી હયાત નથી. માતાનું નામ બાલુબેન છે. અમે ત્રણ ભાઇઓ છીએ જેમાં મોટા હરેશભાઇ હતાં. તેનાથી નાના એક બહેન અને તેનાથી નાના



હમીરભાઇ જમીન મકાનનુ.કામ કરે છે અને રાજકોટ રહે છે. સૌથી નાનો હું છું. મારા ભાઇ હરેશભાઇના લગ્ન વસંતબેન સાથે થયા છે. પણ તેમની વચ્ચે મનમેળ ન હોઇ છેલ્લા એકાદ વર્ષથી હરેશભાઇ તેમનાથી અલગ હરીપર પાળ ગામે રહેતાં હતાં અને શ્રધ્ધા ટ્રાન્સપોર્ટમાં ડ્રાઇવર તરીકે નોકરી કરતાં હતાં. પણ અમારે તેમની સાથે આવરો-જાવરો ઓછો હતો.

જો કે અમે પ્રસંગોમાં ભેગા થાય તો અમે એક બીજા સાથે વાત કરતાં હતાં. બપોરે ત્રણેક વાગ્યે મને અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને પોતે હરિપર પાળ શ્રધ્ધા ટ્રાન્સપોર્ટ ખાતેથી ભાવેશભાઇ રાઠોડ બોલતાં હોવાનું કહ્યું હતું. ભાવેશભાઇએ કહેલું કે તમારા મોટા ભાઇ હરેશભાઇના માથા, મોઢામાં લાગી ગયું છે અને રાજકોટ સરકારી હોસ્પિટલે લઇ આવ્યા છીએ. તેમ કહી ફોન કટ કરી નાંખ્યો હતો. આથી મેં ફરીથી ફોન જોડ્યો હતો અને જે થયું હોય તે સ્પષ્ટ જણાવવાનું કહેતાં ભાવેશભાઇએ કહેલું કે તમારા ભાઇમૃત્યુ પામ્યા છે તમે જલ્દી રાજકોટ આવો.

આથી હું રાજકોટ આવ્યો હતો. હોસ્પિટલે મારા ભાઇનો મૃતદેહ જોતાં તેના માથાના ભાગે કાન ઉપર, નાક ઉપર, દાઢીના ભાગે ઇજાઓ જોવા મળી હતી. બાદમાં ભાવેશભાઇ રાઠોડને પુછતાં તેણે કહેલું કે તમારા ભાઇ હરેશભાઇ બે દિવસની રજા ઉપર ગયા હતાં. બુધવારે બપોરે જ નોકરી પર આવ્યા હતાં. અહિ અમારી ટ્રાન્સપોર્ટ કંપનીમાં અગાઉ ડ્રાઇવર તરીકે કામ કરતાં બાબુ ચુડાજી ઠાકોરને હીસાબ બાબતે બોલાવતાં તે આવ્યા હતા. હરેશભાઇનો ટ્રક અન્ય ડ્રાઇવર લઇને ગયા હોઇ જેથી તેમને આરામ કરવા કહ્યું હતું. એ પછી બપોરે એકાદ વાગ્યે હું વાડીએ હતો ત્યારે બાબુ ઠાકોરનો ફોન આવ્યો હતો અને પોતાને સતીષ ભરવાડ ઉર્ફે સતીયા સાથે બોલાચાલી થયાનું કહ્યું હતું.

બાદમાં બાબુ ઠાકોર મારી ઓરડીમાં જ રહેતો હોઇ તેને ઓરડી ખાલી કરી જતાં રહેવાનું તમારા ભાઇ હરેશભાઇએ જણાવતાં બંને વચ્ચે બોલાચાલી થઇ હતી. આ પછી તમારા ભાઇ મોટરસાઇકલ લઇને સુપેક કારખાના પાસેથી નીકળતાં બાબુએ તેને રસ્તામાં ઉભા રાખી માથા, મોઢામાં કોઇ સાધન વડે માર મારી ઇજા પહોંચાડી હતી અને ભાગી ગયો હતો. તેમ ભાવેશભાઇએ મને વધુમાં કહ્યું હતું. મેટોડા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એમ. જે. પરમારે રતિલાલ દાફડાની ઉપરોક્ત વિગતોને આધારે બાબુ ઠાકોર સામે ગુનો નોંધી સકંજામાં લીધો છે. હત્યાનો ભોગ બનેલા હરેશભાઇને સંતાનમાં એક દત્તક લીધેલો દિકરો છે. તેમ વધુમાં તેમના રાજકોટ રહેતાં ભાઇએ કહ્યું હતું. આ બનાવથી હરિપર પાળમાં ચકચાર મચી ગઇ હતી. નહિ જેવી વાતનો ખાર રાખી એક ડ્રાઇવરે બીજા ડ્રાઇવરની જિંદગીની સફરનો અંત આણી દીધો હતો.

ફરવા જવું હોય કે વિદેશ જવું હોય ગમે તેવા એજન્ટો પર આંધળો વિશ્વાસ નહિ કરતાંઃ બે લાલબત્તી સમાન કિસ્સા

ટૂર પેકેજ-વિઝાના નામે થયું ફ્રોડ


પોસ્ટલ કર્મીઓએ નેપાળ જવા પેકેજ કરાવ્યું પણ દોઢ લાખ લઇ નકલી ટીકીટો ધાબડી દેવાઇઃ બીજી તરફ યુવાને વર્ક પરમીટ મેળવવા સોળ લાખ સત્યોતેર હજાર આપી દીધાઃ પણ વિઝાને બદલે મળ્યો ઠેંગો

રાજકોટ તા. ૨૨

અવાર-નવાર ગઠીયાઓ તહેવાર ટાણે ટૂર પેકેજ બૂકીંગના નામે ઠગાઇ કરતાં હોય છે તો બીજી તરફ વર્ક વીઝાના નામે ઠગાઇ પણ યથાવત રખાતી હોય છે. વધુ આવા બે કિસ્સા સામે આવ્યા હતાં. જેમાં દિવાળી ટૂર પેકેજ નેપાળ પ્રવાસના નામે પોસ્ટલ કર્મચારીઓ સાથે ઠગાઇ થઇ હતી. તો બીજી તરફ કેનેડાના વર્ક પીઆરના નામે પોણા સત્તર લાખનો ડામ આપી દેવાયો હતો.

પ્રથમ ફ્રોડ જોઇએ તો અમદાવાદના ઇસનપુર સ્થિત સોનુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ઼ના સંચાલિકા મારફતે ટપાલ વિભાગના વીસ કર્મચારીઓને નેપાળ પ્રવાસના નામે છેતરવામાં આવ્યા હતાં. વિમલ મૂળજીભાઈ નામના ઠગે દોઢ લાખ રૂપિયા પડાવી નવ બોગસ ટિકિટો આપી બાકીની ટિકિટો ન આપી ફોન બંધ કરી દીધો હતો. ઇસનપુર પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. અમદાવાદના ઇસનપુરમાં રહેતી અને ઘરેથી ટ્રાવેલ્સ બૂકીંગ ચલાવતી મહિલા મારફતે ટપાલ વિભાગના વીસ કર્મચારીઓ માટે નેપાળ ટૂરની એર ટિકિટ બુક કરાવવાના બહાને રૂ. દોઢ લાખ પડાવી છેતરપિંડી આચરવામાં આવી હતી. આરોપીએ એડવાન્સ પેટે નાણાં મેળવી નવ બોગસ ટિકિટો આપી બાકીની ટિકિટો ન આપી ફોન સ્વિચ ઓફ કરી દેતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો.

સમગ્ર મામલે ઈસનપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. ઇસનપુર વિસ્તારમાં ગીરીરાજ લેટ નજીક આવેલી માનસી સોસાયટીમાં રહેતાં પિસ્તાલીસ વર્ષીય સોનલબહેન નિલેશભાઈ ચુનારા છેલ્લાં પાંચેક વર્ષથી ઘરેથી સોનુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ ચલાવે છે. તેમના પતિ નિલેશ ટપાલ વિભાગના આર.એમ.એસ. ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવે છે. તેમના વિભાગના વીસ જેટલાં કર્મચારીઓએ નેપાળ ફરવા જવાનું આયોજન કર્યું હતું. સરકારી ધારાધોરણ મુજબ એડવાન્સ ટિકિટ રજૂ કર્યા બાદ એલટીસી ભથ્થું મળતું હોવાથી, ટિકિટ મેળવવા માટે સોનલબહેને નારણપુરા સ્થિત



દ્વારકેશ હોલીડેયઝ પ્રા.લિ.ના સંચાલક તરીકે ઓળખ આપનાર વિમલભાઈ મૂળજીભાઈનો સંપર્ક કર્યો હતો. વમલભાઈએ અડતાલીસ કલાકમાં તમામ કન્ફર્મ ટિકિટો આપવાની ખાતરી આપી રૂ. ૧.૫૦ લાખની માંગણી કરી હતી.

જેના પગલે સોનલબહેને પતિના એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ મારફતે રૂ.૧ લાખ ફોન-પે દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. નાણાં મળ્યા બાદ આરોપીએ નવ ટિકિટ મોકલી બાકીની ટિકિટો માટે વધુ રૂ.૫૦ હજાર માંગતા સોનલબહેને પોતાના એસબીઆઈ ખાતામાંથી ગુગલ-પે કર્યા હતા. ત્યારબાદ આરોપી પાસે બાકીની ટિકિટો માંગતા તે ગલ્લાંતલાં કરવા લાગ્યો હતો. બાદમાં સોનલબહેન અને તેમના પતિ આરોપીની નારણપુરા સ્થિત કથિત ઓફિસે તપાસ કરવા પહોંચ્યા ત્યારે આંચકો લાગ્યો હતો. દ્વારકેશ હોલીડેયઝ ખાતે આવી કોઈ વ્યક્તિ નોકરી કરતી ન હોવાનું અને અગાઉ આપેલી નવ ટિકિટો પણ સાવ બોગસ હોવાનું બહાર આવ્યું હતું. ફોન સ્વિચ ઓફ થઈ જતાં આખરે સોનલબહેને ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વિમલ મૂળજીભાઈ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વીઝાના નામે બીજી ઠગાઇ જોઇએ તો અમદાવાદના ન્યુ રાણીપ વિસ્તારમાં વિદેશ મોકલવાના બહાને એક યુવક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો હતો. કેનેડાના પી.આર. વિઝા અપાવવાની લાલચ આપીને પ્રણીલ એજ્યુકેશન સર્વીસના ડાયરેક્ટરે ભોગ બનનાર યુવક પાસેથી અલગ અલગ સમયે કટકે-કટકે કુલ રૂપિયા સોળ લાખ સત્યોતેર હજારની રકમ પડાવી લીધી હતી. ન્યુ રાણીપના તેત્રીસ વર્ષિય આનંદ પ્રવિણભાઈ પટેલે કેનેડાના પી.આર. વિઝા મેળવવા માટે પ્રણીલ એજ્યુકેશન સર્વીસના ડાયરેક્ટર અરવિંદ તિવારીનો સંપર્ક કર્યો હતો.

અરવિંદ તિવારીએ રજિસ્ટ્રેશન અને એન્ડોર્સમેન્ટની -ક્રિયા બતાવીને ફરિયાદી પાસેથી ચેક, ગુગલ પે અને રોકડ માધ્યમથી અલગ અલગ તારીખે કુલ ૧૬,૭૭,૦૦૦ મેળવ્યા હતા. લાંબો સમય વિતવા છતાં વિઝાનું કામ ન થતાં બંને પક્ષો વચ્ચે એક નોટરાઇઝ એગ્રીમેન્ટ કરાયો હતો, જેમાં નક્કી થયા મુજબ વિઝા ન મળે તો તમામ નાણાં પરત કરવાના હતા. સમયમર્યાદા પૂરી થતાં અરવિંદ તિવારીએ રૂ. ૧.૫૦ લાખ, રૂ. ૩.૫૦ લાખ અને રૂ. ૫ લાખના ત્રણ ચેક આપ્યા હતા, જેમાંથી બેંકમાં જમા કરાવેલા બે ચેક ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાથી બાઉન્સ થયા હતા. ચેક બાઉન્સ થયા બાદ આરોપી અરવિંદ તિવારીએ ફરિયાદીનો ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને પોતાની ઓફિસે પણ મળવાનું બંધ કરી દીધું હતું. આખરે પોતાની સાથે ૧૬ લાખ ૭૭ હજારની છેતરપિંડી અને વિશ્વાસઘાત થયો હોવાનું જણાતાં ભોગ બનનારે પોલીસને જાણ કરી હતી. આમ વધુ બે ઠગાઇ થઇ ગઇ હતી.

જર જમીન ને જોરૂ કજીયાના છોરૂ પ્રૌઢને ફઈના દિકરાએ પતાવી દીધા

પ્રૌઢે ખેત મજૂરીના પોતાના લેણા પૈસા માંગતા ફઇના દિકરાએ માથામાં ધોકાનો ઘા દીધો, જે જીવલેણ નીવડ્યો



રાજકોટ તા. ૨૨

પૈસા મામલે મારામારી કે હત્યાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. વધુ એક આવા બનાવમાં એક પ્રૌઢની તેના જ ફઇના દિકરાના હાથે હત્યા થઇ હતી. મજૂરીના પૈસા બાબતે એક પ્રૌઢને તેના જ ફઇના દિકરાએ ધોકાનો ઘા ફટકારી મોતને ઘાટ ઉતારી દેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

વિગતો જોઇએ તો ધ્રાંગધ્રાના રાજચરાડી ગામે આ બનાવ બન્યો છે. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા પ્રૌઢને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું.ધ્રાંગધ્રાના રાજ ચરાડી ગામે રહેતાં પંચાવન વર્ષના વનરાજભાઇ ઉર્ફે વનાભાઇ શંકરભાઇ સુરેલા ઉપર સાંજે સાડા આઠેક વાગ્યે ગામમાં હતાં ત્યારે તેના ફઇના દિકરા હરિ ભાવજીભાઇએ ધોકાથી હુમલો કરી માથામાં ઘા ફટકારી દેતાં વનરાજભાઇને ગંભીર ઇજા થતાં ધ્રાંગધ્રા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

અહિ સારવાર દરમિયાન સવારે મૃત્યુ થતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધ્રાંગધ્રા પોલીસને કરી હતી. હત્યાનો ભોગ બનેલા વનરાજભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં નાના અને અપરિણીત હતાં. તે ફઇના દિકરા હરિ સાથે અગાઉ ખેત મજૂરીએ ગયા હોઇ તેના રૂપિયા લેવાના બાકી હતાં. ગઇકાલે ગામમાં હરિ ભેગો થઇ જતાં વનરાજભાઇએ પોતાના મજૂરીના પૈસા માંગતા તેણે ત્યાં ધોકા જેવુ લાકડુ પડ્યું હોઇ ઉપાડીને માથામાં ફટકારી દેતાં તે બેભાન થઇ પડી ગયા હતાં. રાજકોટ હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધ્રાંગધ્રા પોલીસને જાણ કરતાં હત્યાનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરાઇ હતી.

ઠેકઠેકાણે લેભાગુઓ લાળ ટપકાવી બેઠા હોય છેઃ વધુ એક સગીરા શિકાર બની

સગીરાનો દેહ તો પીંખ્યો માથેથી પિસ્તાલીસ લાખની મત્તા પડાવી!

ચોંકાવનારી ઘટનામાં બાળાને સતત બ્લેકમેઇલ કરાતી હતીઃ બીજી ઘટનામાં બોલવાનું બંધ કરી દેનાર પુર્વ પ્રેમિકાના પતિ પર પ્રેમીનો કુહાડીથી હુમલો

રાજકોટ તા. ૨૨

અલગ અલગ ગામ શહેરમાં લેભાગુઓ સગીરા, યુવતિઓ, પરિણીતાઓને મિત્રતા અને પ્રેમની જાળમાં ફસાવી જિંદગી બગાડતાં હોવાના કિસ્સા અવાર-નવાર બની રહ્યા છે. આ વચ્ચે વધુ એક આવો બનાવ સામે આવ્યો હતો. જેમાં એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી ફોટા વાયરલ કરવાની ધમકી દઇ લેભાગુએ દેહ તો પીંખ્યો જ હતો સાથે સાથે પિસ્તાલીસ લાખથી વધુની માલમત્તા પણ પડાવી લીધી હતી. પોલીસ સુધી આ મામલો પહોંચતા પોલીસ પણ ચોંકી ગઇ હતી. બીજી એક ઘટનામાં પરણેલી મહિલાને પ્રેમસંબંધ ભારે પડ્યો હતો. પ્રેમી સાથે બોલવાનું બંધ કરી દેતાં પ્રેમીએ તેણીના પતિ પર હુમલો કરી દીધો હતો.

વિગતો પર નજર કરીએ તો વલસાડના ડુંગરીમાં એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. આરોપી ધ્રુવિલ પટેલે અંગત પળોના ફોટા વાયરલ કરવાની ધમકી આપી સગીરા પાસેથી ૪૫ લાખથી વધુની મત્તા પડાવી લીધી. આ મામલે ડુંગરી



પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ધ્રુવિલે ઇન્સ્ટાગ્રામ દ્વારા સત્તર વર્ષીય સગીરા સાથે મિત્રતા કરી તેને વલસાડની એક હોટલમાં લઈ ગયો. ત્યાં તેણે મરજી વગર દુષ્કર્મ આચર્યું અને ફોટા પાડી લીધા. બાદમાં શેરબજારમાં ખોટનું બહાનું આપી, ફોટા વાયરલ કરવાની ધમકી આપી સગીરા પાસેથી રોકડા અને સોનાના દાગીના મળી કુલ ૪૫.૦૬ લાખ રૂપિયા પડાવ્યા હતા.

આ પછી ઘરના રીનોવેશન દરમિયાન દાગીના અને રોકડ ગાયબ થતા પરિવારને ખબર પડી. સગીરાએ માતાને બધી વાત જણાવી. પીડિતાની માતાની ફરિયાદના આધારે, ડુંગરી પોલીસે આરોપી ધ્રુવિલ પટેલ વિરુદ્ધ પોક્સો અને ગ્રુપ કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી હતી.

બીજી એક પ્રેમ પ્રકરણની ઘટનામાં પુર્વ પ્રેમિકાએ બોલવાનુ બંધ કરતાં તેણીના પતિ પર કુહાડીથી હુમલો કરાયો હતો. વલસાડના ડુંગરી વિસ્તારમાં પૂર્વ ેમિકા સાથે વાત કરવાનું બંધ કરવાના કારણે એક યુવકે તેના પતિ પર કુહાડીથી જીવલેણ હુમલો કર્યો હતો. ડુંગરી પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપી રાજેશભાઈ બાવાભાઈ પટેલને ઝડપી પાડ્યો હતો. ફરિયાદી મહિલા અને રાજેશ વચ્ચે પહેલા સંબંધ હતા, જે મહિલાએ એક વર્ષ પહેલા તોડી નાખ્યા હતા. આ અદાવતમાં રાજેશે અગાઉ મહિલાના પતિને તારી પત્નીને સાચવીને રાખજે તેવી ધમકી પણ આપી હતી.

વધુ વિગત મુજબ સાડા નવેક વાગ્યે ફરિયાદી અને તેમના પતિ જૂના ઘરમાં સૂતા હતા. ત્યારે રાજેશ કુહાડી લઈને ઘરમાં ઘૂસી આવ્યો. તેણે પતિના બરડા, ગરદન, માથા અને જમણા હાથની આંગળી પર ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી. ઈજાગ્રસ્તને તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સથી વલસાડ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છ. ડીવાયએસપી જે. કે. પટેલે વધુ તપાસ હાથ ધરી હતી.

ઓનલાઇનની સાથે સાથે ઓફલાઇન ઠગાઇના સતત વધી ગયા છે બનાવો

ક્રેડીટ કાર્ડની લિંક ખોલતાં જ કમ્પાઉન્ડરને ચૂનો

ફોન હેક થયો અને ખાતામાંથી રૂપિયા ઉપડી ગયાઃ બીજી તરફ યુકેના વિઝાના નામે બ્યુટી પાર્લર સંચાલિકા સાથે થઇ ગઇ ઠગાઇ

રાજકોટ તા. ૨૨

સાયબ ર ગઠીયાઓએ ફ્રોડ આચરવાનુ યથાવત રાખ્યું છે. તો બીજી તરફ ઓફલાઇન ઠગાઇ કરનારા પણ ઓછા નથી. રોજબરોજ આ પ્રકારની છેતરપીંડી થાય છે. એક કિસ્સામાં હોસ્પિટલના કમ્પાઉન્ડર સાથે ઠગાઇ થઇ હતી. ક્રેડીટ કાર્ડના રિવોર્ડ પોઇન્ટ રીડીમ કરવા લીંક ઓપન કરતાં જ ફોન હેક થઇ ગયો હતો અને નાણા ઉપડી ગયા હતાં. બીજી તરફ યુકેના વિઝા અપાવવાના નામે બ્યુટી પાર્લર સંચાલીકા સાથે ઠગાઇ હતી.

વિગતો પર નજર કરીએ તો ગાંધીનગરના પાલજ ખાતે આવેલી આઇઆઇટી કેમ્પસની હોસ્પિટલમાં કંપાઉન્ડર તરીકે ફરજ બજાવતા કર્મચારીને ઠગબાજોએ ક્રેડિટ કાર્ડના રિવોર્ડ પોઇન્ટ રિડીમ કરવા ના બહાને બોગસ લિંક મોકલી ખાતામાંથી રૂ. ૧.૩૫ લાખની રકમ ચાઉં કરી લેવામાં આવી છે.આ અંગે ચિલોડા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. મુળ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના કોરજ ગામના વતની ૪૪ વર્ષીય મુકેશ ભેરૂલાલ શર્મા આઈ. આઈ.ટી.ના મેડિકલ ડિપાર્ટમેન્ટમાં કંપાઉન્ડર તરીકે નોકરી કરે છે. તેમણે આશરે એકાદ મહિના અગાઉ પેટીએમ સાઈટ પરથી ઘરવપરાશ માટે એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેંકનું ક્રેડિટ કાર્ડ મેળવ્યું હતું.

વધુ માહિતી અનુસાર મુકે શભાઈ હોસ્પિટલમાં પોતાની ફરજ પર હાજર હતા. તે દરમિયાન સાંજના આશરે સાતેક વાગે તેમના મોબાઈલ ફોન પર ફોન આવ્યો હતો. સામેવાળા શખ્સે પોતે એ.યુ. બેંકમાંથી બોલે છે તેવી ઓળખ આપી હતી અને જણાવ્યું હતું કે, તમે મેળવેલા ક્રેડિટ કાર્ડના રિવોર્ડ પોઈન્ટ રિડીમ કરવા માટે હજુ લોગઈન કર્યું નથી ,જેથી તુરંત લોગઈન કરી દો. બાદમાં કંપાઉન્ડરે સાઈટ અંગે પૂછપરછ કરતાં ઠગબાજે તેમને એક ફિશિંગ લિંક મોકલી હતી. મુકેશભાઈએ આ લિંક ખોલતાં એ.યુ. બેંકનું આબેહૂબ પેજ ઓપન થયું હતું.



જેમાં રિવોર્ડ રિડક્શન ક્રેડિટ કાર્ડ ખ્શ સ્મોલ ફાઈનાન્સ બેંક લખેલું હતું. તેમાં એપ્લાય પર ક્લિક કરી તેમણે પોતાની તમામ અંગત અને કાર્ડ સંબંધિત વિગતો ભરીને ફોર્મ સબમિટ કર્યું હતું. આ ફોર્મ સબમિટ થતાં જ તેમના ફોનમાં રૂ. ૧,૩૪,૯૦૦ સેમસંગ ઈએમઆઈ ઓન એ.યુ. બેંક ક્રેડિટ કાર્ડનો મેસેજ આવતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા. પોતાની સાથે સાઈબર ફ્રોડ થયાનો એહસાસ થતાં જ તેમણે તુરંત બેંકમાં સંપર્ક કરી ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવ્યું હતું.

ત્યારબાદ બેંકના સૂચન મુજબ તેમણે સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી નેશનલ સાઈબર ક્રાઈમ પોર્ટલ પર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. આ ઓનલાઈન ફરિયાદના આધારે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ વિઝાના નામે ઠગાઇ થઇ હતી. યુકે જવા માટે વિઝા કરાવી આપવાના નામે શહેરના ખોડિયારનગર વિસ્તારમાં રહેતી બ્યૂટિપાર્લર સંચાલિકા પાસેથી રૂા.૧.૮૦ લાખ પડાવી લઈ બંધ પડેલી બેંકનો ચેક આપી છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે વારસિયા પોલીસે એજન્ટ ઠગાઈનો ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ અંગે -ામ થયેલી જાણકારી અનુસાર શહેરના ખોડિયારનગર વિસ્તારમાં આવેલા પંચમ બ્લોસમમાં રહેતાં અને બ્યૂટીપાર્લર ચલાવતાં વિહારીકાબેન પટેલના લગ્ન વર્ષ ૨૦૧૭માં યુકે ખાતે રહેતા નીરવ પટેલ સાથે થયાં હતાં. પતિ પાસે યુકે જવા તેમને વિઝા મેળવવા હતા.

આ દરમિયાન તેમની માતાના ભાડાના મકાનમાં અવાર-નવાર આવતા અલ્પેશ સુરેશભાઈ પટેલ સાથે તેમનો પરિચય થયો હતો. આરોપી અલ્પેશ પટેલે પોતે વિઝાનું કામ કરતો હોવાનું જણાવી ૬ મહિનામાં યુકેના વિઝા અપાવી દેવાની ખાતરી આપી હતી. તેણે વિઝા સહિતની -ક્રિયા માટે કુલ રૂા.૫ લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ કુલ રૂા.૧.૮૦ લાખ મેળવીને પાસપોર્ટ લીધો હતો. ત્યારબાદ લાંબો સમય વીતવા છતાં આરોપીએ વિઝાની કોઈ કામગીરી ન કરી વાયદાઓ આપવાનું ચાલુ રાખ્યું હતું. જેથી પરિણીતાએ રૂપિયા પાછા માગ્યા હતા. આરોપી અલ્પેશ પટેલે બંધ પડેલી બેંકનો ચેક આપીને છેતરપિંડી કરી હતી. આ મામલે વારસિયા પોલીસ સ્ટેશનમાં ઠગાઈનો ગુનો નોંધાતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટના શખ્શે અફઘાનિસ્તાનથી મંગાવેલો મોતનો સામાન રાજકોટ પહોચે તે પહેલા અમદાવાદમાંથી પકડાયો

પચીસ કરોડના હેરોઈન-ડ્રગ્સ સાથે ત્રણ ઝડપાયા

સુરત અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનું સંયુક્ત ઓપરેશન : ડ્રગ્સ મંગાવનાર રાજકોટના અસ્લમની શોધખોળ







રાજકોટ, તા.૨૨

અફઘાનિસ્તાનથી રાજકોટના ડ્રગ્સ માફિયાએ મંગાવેલું ૨૫.૬૫ કરોડનું હેરોઈન અને મેફેડ્રોન ડ્રગ્સ પકડી પાડવામાં સુરત અને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. સંયુક્ત ઓપરેશનમાં દિલ્હીના ત્રણ કુખ્યાત શખ્સોને ઝડપી લઈને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. પકડાયેલ ત્રિપુટીની પૂછપરછમાં રાજકોટના અસલમ નામના શખ્સનું નામ મુખ્યત્વે સામે આવ્યું છે જેણે આ ડ્રગ્સનો જથ્થો મંગાવ્યો હતો. ગુજરાત રાજ્યને ડ્રગ્સ મુક્ત કરવાના અભિયાન અંતર્ગત અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોતના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમો લાંબા સમયથી આ ગેંગ પર નજર રાખી રહી હતી.

ડ્રગ્સ માફિયાઓ દ્વારા પોલીસ અને સુરક્ષા એજન્સીઓની નજરથી બચવા માટે અત્યંત ચાલાકીભરી પદ્ધતિ અપનાવવામાં આવી હતી. ૨૫.૬૫ કરોડના હેરોઈન અને મેફેડ્રોન ડ્રગ્સના જથ્થાને ડ્રિંક એન્ડ રેઈઝનેટ્સના પેકેટ અને બોક્સની અંદર ખૂબ જ કુશળતાપૂર્વક છુપાવવામાં આવ્યો હતો. સુરત ક્રાઈમ બ્રાન્ચને મળેલી ચોક્કસ બાતમીના આધારે પી.આઈ પી.એમ. ધાખડા અને તેમની ટીમે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આવેલા રામોલ ટોલટેક પાસેથી એક મહિન્દ્રા કાર અટકાવીને આ જથ્થો ઝડપી પાડ્યો હતો. કારમાંથી ૪ કિલો ૫૩૧ ગ્રામ હેરોઈન તેમજ ૨ કિલો ૪૯૭ ગ્રામ મેફેડ્રોન મળી ૨૫,૬૫,૩૫,૪૪૦ ની કિંમતનું ડ્રગ્સ કબ્જે કરવામાં આવ્યું હતું.

પોલીસે આ ઓપરેશનમાં મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ દિલ્હી રહેતા કફીલઅહેમદ ઉર્ફે જાવેદ અન્સારી, તિફલે નૌખેઝ અને મોહમંદઈમરાન ઉર્ફે રાજા નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. કફીલઅહેમદ અગાઉ ચરસ અને અન્ય ડ્રગ્સના કેસોમાં જયપુર અને એન.સી.બી. દ્વારા ઝડપાઈ ચૂક્યો છે અને તેને કુલ ૪૫ વર્ષની સજા થયેલી છે. તિફલે નૌખેઝ પણ અગાઉ પંજાબ અને દિલ્હીમાં ૩૩૦ કિલો તથા ૫૪ કિલો હેરોઇનના મોટા ગુનાઓમાં અફઘાનિસ્તાનના નાગરિકો સાથે પકડાઈ ચૂક્યો છે. જ્યારે મોહમંદઈમરાન અગાઉ છેડતી અને છેતરપિંડીના ગુનાઓમાં સંડોવાયેલ છે.

રાજકોટના માફિયા અસલમની શોધખોળ શરૂ પોલીસ પૂછપરછમાં એ મોટો ખુલાસો થયો છે કે આ જથ્થો રાજકોટમાં રહેતા અસલમ નામના શખ્સે મંગાવ્યો હતો અને તેને પહોંચાડવા માટે જ આરોપીઓ અમદાવાદ આવ્યા હતા. રાજકોટના આ અસલમે આંતરરાષ્ટ્રીય સ્તરેથી ડ્રગ્સ મંગાવીને સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં વેચાણનું નેટવર્ક ફેલાવ્યું હોવાની આશંકા છે. પોલીસ દ્વારા ડ્રગ્સ, મોબાઈલ ફોન, રોકડ અને કાર સહિત ૨૫ કરોડ, ૭૧ લાખ, ૯૯ હજાર ૩૪૦ નો મુદ્દામાલ જપ્ત કરીને રાજકોટના અસલમની સઘન તપાસ અને ધરપકડ માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્રને પ્રથમ આધુનિક ફૂડ લેબોરેટરીની ભેટ

મનપાની પ્રસ્તાવિત લેબને સરકારી મંજૂરી મળતા મિલાવટખોરોની છટકબારીઓ બંધ

રાજકોટ, તા. ૨૨

રાજકોટવાસીઓના આરોગ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયાઓ અને મિલાવટખોરો પર હવે કાયમી અને કડક લગામ કસાવાનો માર્ગ સંપૂર્ણપણે મોકળો થઈ ગયો છે. મહાનગરપાલિકા દ્વારા ઘર આંગણે જ ખાદ્ય પદાર્થોના સેમ્પલના ઝડપી અને સચોટ પરિણામો મળી રહે તે માટે અતિ-આધુનિક ફૂડ લેબોરેટરી સ્થાપવા માટે સરકારમાં માંગવામાં આવેલી મંજૂરીને આખરે રાજ્ય સરકારે સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ સાથે જ રાજકોટમાં સૌરાષ્ટ્રની પ્રથમ હાઇટેક ફૂડ લેબોરેટરીના નિર્માણનો ઐતિહાસિક તબક્કો શરૂ થયો છે, જે સમગ્ર સૌરાષ્ટ્ર માટે એક મોટું સીમાચિહ્ન સાબિત થશે.

અગાઉ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જનરલ બોર્ડમાં ઠરાવ પસાર કરીને શહેરમાં આધુનિક ફૂડ લેબોરેટરી સ્થાપવા માટે રાજ્ય સરકાર સમક્ષ વિશેષ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આ દિશામાં આગળ વધતા તાજેતરમાં મનપા દ્વારા વધુ એક મજબૂત ઠરાવ કરીને ફૂડ સેફ્ટી અને ગુણવત્તાના કાયદાઓને વધુ કડક બનાવવા માટે સરકારમાં ભલામણો મોકલવામાં આવી હતી. આ તમામ બાબતોને ગંભીરતાથી ધ્યાને લઈને રાજ્ય સરકારે મંજૂરીની મ્હોર મારી દીધી છે, જેને પગલે હવે રાજકોટમાં સૌરાષ્ટ્રની એકમાત્ર અદ્યતન લેબોરેટરી કાર્યરત થવાનો રસ્તો સાફ થઈ ગયો છે.

આ નવી લેબના શરૂ થવાથી માત્ર રાજકોટ જ નહીં પરંતુ સૌરાષ્ટ્રભરની તમામ મનપા અને નગરપાલિકાઓને તેનો વ્યાપક લાભ મળશે. અત્યાર સુધીની સૌથી મોટી સમસ્યા એ હતી કે શંકાસ્પદ ખાદ્ય પદાર્થો અને ખાણીપીણીના સેમ્પલ પૃથક્કરણ માટે વડોદરા સ્થિત સરકારી લેબોરેટરીમાં મોકલવા પડતા હતા. વડોદરાથી રિપોર્ટ પરત આવવામાં એકથી ત્રણ મહિના જેટલો લાંબો સમય વીતી જતો હતો. આટલા લાંબા સમયના અંતરાલનો ગેરલાભ લઈને મિલાવટખોરો અને કાયદો તોડનારા તત્વો કાયદાકીય પ્રક્રિયાની છટકબારીઓ શોધીને છૂટી જતા હતા અને પ્રજાના સ્વાસ્થ્ય સાથે ખેલ કરતા રહેતા હતા. પરંતુ હવે આ સમસ્યાનો કાયમી અંત આવી ગયો છે. નવી આધુનિક લેબ શરૂ થતાં જ ખાદ્ય પદાર્થનો પ્રાથમિક રિપોર્ટ માત્ર એક જ કલાકમાં મળી જશે અને સંપૂર્ણ સેમ્પલ રિપોર્ટ પણ થોડા જ દિવસોમાં હાથમાં



આવી જશે, જેના કારણે ભેળસેળ કરનારાઓ કોઈપણ સંજોગોમાં છટકી શકશે નહીં.

આ સરકારી મંજૂરી અને કડક કાર્યવાહીની પૃષ્ઠભૂમિમાં જોવામાં આવે તો, રાજકોટના મેયર ડો. નેહલ શુક્લ દ્વારા આજથી આશરે ચારેક મહિના પૂર્વે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારા તત્વો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરવાના સ્પષ્ટ આદેશો આપવામાં આવ્યા હતા. મેયરના આ આદેશ બાદ રાજકોટ મનપાની ફૂડ શાખા દ્વારા શહેરમાં ફૂડ ચેકિંગનું અભિયાન પૂરજોશમાં અને આક્રમક રીતે શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય અને અંતિમ ઉદ્દેશ્ય રાજકોટના દરેક નાગરિકને શુદ્ધ, આરોગ્યપ્રદ અને ગુણવત્તાસભર ખાદ્ય પદાર્થો મળી રહે તથા ખાણીપીણીની ચીજોમાં વેડા કે ચેડાં કરનારા અસામાજિક તત્વો સામે દાખલારૂપ દંડાત્મક કાર્યવાહી કરવાનો છે.

આ સઘન અભિયાનના પરિણામો અત્યંત ચોંકાવનારા અને લાલબત્તી સમાન રહ્યા છે. માત્ર છેલ્લા ૪ મહિના જેવા ટૂંકા સમયગાળામાં જ રાજકોટ મનપા દ્વારા આકરી કાર્યવાહીના ભાગરૂપે ૧૪,૫૨૦ કિલોગ્રામ જેટલો અખાદ્ય અને દૂષિત જથ્થો ઝડપી પાડી તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે. સ્વચ્છતાના નિયમો બિલકિલ નહીં જાળવનાર તેમજ ગંભીર ભેળસેળ આચરનાર કુલ ૫૦ જેટલી વેપારી પેઢીઓને સીલ મારી દેવામાં આવી છે. આટલું જ નહીં, પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા આવા બેજવાબદાર વેપારીઓ પાસેથી રૂ. ૧૧ લાખથી વધુની માતબર રકમની દંડકીય વસૂલાત પણ કરવામાં આવી છે અને કુલ ૨૮૯ જેટલા શંકાસ્પદ નમૂનાઓ ચકાસણી માટે લેવામાં આવ્યા છે. આ સમગ્ર ઝુંબેશ દરમિયાન તાજેતરમાં મોચીબજાર વિસ્તારમાં સંયુક્ત દરોડા પાડીને ઇતિહાસમાં પ્રથમવાર ૧,૫૦૦ કિલો અખાદ્ય ચિકનનો વિશાળ જથ્થો ઝડપી પાડીને તેનો નાશ કરવામાં આવ્યો હતો, જે તંત્રની સક્રિયતાની મોટી સાબિતી આપે છે.

રાજકોટ મનપાની ફૂડ શાખા દ્વારા શહેરભરમાં અવિરતપણે ચાલી રહેલી આ ચેકિંગની કાર્યવાહી અને હવે સરકારી મંજૂરીથી સ્થાપિત થનારી આધુનિક ફૂડ લેબોરેટરીના આગમનથી મિલાવટખોરોના મનમાં મોટો ફફડાટ વ્યાપી ગયો છે. ઘર આંગણે જ ઝડપી રિપોર્ટિંગ મળવાથી મનપાનું આ ફૂડ સેફ્ટી અભિયાન વધુ ધારદાર બનશે અને રાજકોટના નાગરિકોને શુદ્ધ ખોરાકની ખાતરી સાથે સુરક્ષિત ભવિષ્યની ભેટ મળશે.

કુપોષણનો વિસ્ફોટ : મનપાની આંગણવાડીઓમાં ૭૮૪ અતિ ગંભીર અને ૧૦,૩૦૬ કુપોષિત બાળકો

તબીબી નિષ્ણાતોની ચેતવણીઃ તાત્કાલિક સારવાર અનિવાર્ય , સરકારી દાવાઓ સામે મોટા સવાલોઃ શું કુપોષણ મુક્ત અભિયાન નિષ્ફળ?



AI IMAGE

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના બાળકોને કુપોષણ મુક્ત કરવા માટે ચલાવવામાં આવતા દાવો અને સરકારી યોજનાઓની વાસ્તવિકતા સામે લાવતો એક અત્યંત ચોંકાવનારો રિપોર્ટ પ્રકાશમાં આવ્યો છે. મનપાના આઈસીડીએસ (ICDS) વિભાગ દ્વારા સંચાલિત રાજકોટ સેન્ટ્રલ જેલ સહિતની કુલ ૩૬૪ આંગણવાડીઓમાં છેલ્લા ત્રણ માસ દરમિયાન હાથ ધરવામાં આવેલા આરોગ્ય સર્વેમાં બાળ સ્વાસ્થ્યની ભયાનક તસવીર સામે આવી છે. જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસ દરમિયાન કરવામાં આવેલા આ સઘન ચેકિંગમાં શહેરના ત્રણેય ઝોનમાંથી ચિંતાજનક કહી શકાય તેવા ૭૮૪ બાળકો અતિ ગંભીર કુપોષિત શ્રેણીમાં મળી આવ્યા છે. આટલું જ નહીં, આ ગંભીર રીતે પીડાતા ભૂલકાંઓમાં ૮૪ જેટલાં બાળકો એવાં છે જેઓ દિવ્યાંગ અવસ્થામાં છે, જેના કારણે તેમની સ્થિતિ વધુ નાજુક બની છે. મેડિકલ વિભાગના નિષ્ણાંતોએ આ તમામ અતિ ગંભીર કુપોષિત બાળકોની શારીરિક સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને કોઈ પણ જાતના વિલંબ વિના તુરંત જ તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવાની સ્પષ્ટ અને કડક ભલામણ કરી છે.

મનપાના ન્યુટ્રિશન અને હેલ્થ સર્વે દરમિયાન આંગણવાડીઓમાં આવતા બાળકોના શરીરનું વજન, અપૂરતું પોષણ, ઉંચાઈની સરખામણીએ ઓછું વજન અને ઠીંગણાપણું સહિતના અલગ-અલગ શારીરિક માપદંડો પર ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ સર્વેના પરિણામો દર્શાવે છે કે શહેરમાં બાળ કુપોષણની સમસ્યા કેટલી વ્યાપક બની છે. ત્રણ મહિનાના અંતે સામે આવેલા આંકડા મુજબ સમગ્ર શહેરમાંથી ૭૮૪ અતિ ગંભીર કુપોષિત બાળકો ઉપરાંત ૪,૩૧૪ મધ્યમ કુપોષિત અને ૧,૯૭૭ ઓછું વજન ધરાવતા બાળકો મળી આવ્યા છે. આમ, માત્ર ૩૬૪ આંગણવાડી ક્ષેત્રમાંથી જ કુલ ૧૦,૩૦૬ જેટલા બાળકો યોગ્ય અને પૂરતા પોષણના અભાવ સામે ઝઝૂમી રહ્યા હોવાનું ફલિત થયું છે.

જો મહિના વાઈઝ અને ઝોન વાઈઝ આંકડાકીય સ્થિતિ પર નજર કરીએ તો અતિ ગંભીર કુપોષણનો આંકડો સતત ઊંચો રહ્યો છે. જુલાઈ માસમાં સેન્ટ્રલ ઝોનમાં ૭૨, ઈસ્ટ ઝોનમાં ૬૩ અને વેસ્ટ ઝોનમાં ૬૩ મળીને કુલ ૧૯૮ અતિ ગંભીર કુપોષિત બાળકો નોંધાયા હતા. ત્યારબાદ ઓગસ્ટ માસમાં આ સ્થિતિ વધુ વિકટ બની હતી, જેમાં સેન્ટ્રલ ઝોનમાંથી ૧૦૫, ઈસ્ટ ઝોનમાંથી ૯૧ અને વેસ્ટ ઝોનમાંથી ૧૨૯ મળીને આંકડો કુદકે ને ભૂસકે વધીને ૩૨૫ પર પહોંચી ગયો હતો. જ્યારે સપ્ટેમ્બર માસમાં સેન્ટ્રલ ઝોનમાં ૮૪, ઈસ્ટ ઝોનમાં ૮૧ અને વેસ્ટ ઝોનમાં ૯૬ મળીને વધુ ૨૬૧ બાળકો અતિ ગંભીર કુપોષણની ઝપેટમાં જોવા મળ્યા હતા. આ જ રીતે મધ્યમ કુપોષિત બાળકોની શ્રેણીમાં પણ જુલાઈ માસ દરમિયાન સેન્ટ્રલ ઝોનના ૧૧૦૮, ઈસ્ટ ઝોનના ૮૫૭ અને વેસ્ટ ઝોનના ૯૦૫ મળીને ૨૮૭૦ બાળકો નોંધાયા હતા, જ્યારે સપ્ટેમ્બર માસમાં આ આંકડો વધીને સેન્ટ્રલ ઝોનમાં ૧૪૧૪, ઈસ્ટ ઝોનમાં ૧૦૩૧ અને વેસ્ટ ઝોનમાં ૧૨૬૬ મળીને કુલ ૩૭૧૧ પર પહોંચી ગયો હતો.

આંકડાઓની આ ભયાનકતા વચ્ચે હવે આઈસીડીએસ વિભાગ અને મહાનગરપાલિકાનું તંત્ર હરકતમાં આવ્યું છે. આંગણવાડીમાં આવતા બાળકો કુપોષણની આ ગંભીર અવસ્થામાંથી બહાર આવી શકે તે માટે તેમના માતા-પિતાને સતત પૌષ્ટિક આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે આહારની જાણકારી આપવા સાથે પોષણ સમાહની ઉજવણી કરીને વિશેષ જાગૃતિ લાવવા પ્રયાસો થઈ રહ્યા છે. તદુપરાંત, અતિ ગંભીર બાળકોને તબીબી ટીમ દ્વારા તાત્કાલિક સારવાર પૂરી પાડવા માટેની સઘન કામગીરી હાથ ધરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પરંતુ, દર મહિને કરોડો રૂપિયાના બજેટ અને પોષણ યોજનાઓ છતાં આટલી મોટી સંખ્યામાં અતિ ગંભીર કુપોષિત બાળકો મળી આવતા, તંત્ર દ્વારા કરવામાં આવતા ''કુપોષણ મુક્ત શહેર''ના તમામ દાવાઓ ફલોપ સાબિત થયા હોય તેવું ચિત્ર ઊભું થયું છે.